## પ્રકરણ– ૪

# બંગાળી નવલકથામાં નારી

### ❖ 'પ્રથમ પ્રતિ શ્રુતિ'– લે. આશાપૂર્ણા દેવી, અનુ. હરાકુમાર તિવારીઃ

સિદ્ધહસ્ત સર્જકોની બંગાળી સમાજમાં પ્રગાઢ અસર હતી તેવી પરિસ્થિતિમાં આશાપૂર્ણા દેવીએ સર્જનની પોતિકી મુદ્રા ઉપસાવી છે. માત્ર ૧૩ વર્ષની ઉંમરે સર્જનનો પ્રારંભ કરી જીવનભર તેમાં કાર્યરત રહ્યાં. જેના ફળસ્વરૂપે લગભગ ૨૦૦ જેટલી નવલકથાઓ અને ૮૦૦ જેટલી નવલિકાઓ પ્રાપ્ત થાય છે. 'પ્રથમ પ્રતિ શ્રુતિ', 'સુવર્ણલતા', 'બકુલગાથા' જેવી સીમાચિન્હરૂપ નવલકથાત્રયીમાં તેમના લેખનની નવી દિશાનો અનેરો ઉઘાડ વર્તાય છે. 'પ્રથમ પ્રતિ શ્રુતિ' ઈ.સ.૧૯૬૪માં પ્રકાશિત થતા જ ભાવકોની સર્વસ્વીકૃતિ પામી હતી. આ કૃતિએ સમગ્ર બંગાળી સમાજને ચોંકાવી દીધો. કલકત્તા વિશ્વવિદ્યાલયના જ્ઞાનપીઠ એવૉર્ડ દ્વારા તેમની સર્જનશક્તિનું યશોચિત્ત ગૌરવ થયું છે. આશાપૂર્ણા દેવી ઈ.સ.૧૯૭૮માં જ્ઞાનપીઠ એવૉર્ડ પ્રાપ્ત કરનાર પ્રથમ મહિલા કથાસર્જક છે.

લેખિકાની દષ્ટિએ નારી અસ્મિતાનો પ્રશ્ન ભારતીય નારી સમાજનો પ્રાણપ્રશ્ન રહ્યો છે. હજારો વર્ષોથી ગુજારાતી યાતનાઓએ નારીની કરોડરજ્જુ તોડી પાડી હતી. પરંપરાથી ઊતરી આવેલી આ જડબેસલાક સામાજિક વ્યવસ્થાએ સ્ત્રીમાં તેના અસ્તિત્વની સભાનતાથી ટશર–સુદ્ધા ન ફુટવા દીધી. નારીની ખુમારી આત્મસન્માનના સત્વનું સમાજમાં કોઈ મૂલ્ય ન રહ્યું નગણ્યતાની આવી નરી વાસ્તવિકતાના ઈતિહાસના પૃષ્ઠોમાંથી ઊભરે છે. સત્યવતીની 'પ્રથમ પ્રતિ શ્રુતિ' નારીમુક્તિ સંજ્ઞા હજી પ્રચલિત નહોતી થઈ ત્યારથી ભારતીય સમાજમાં પ્રસ્થાપિત અસમાન મૂલ્યોમાં નારીના સ્થાન અને માનની સમસ્યાએ

આશાપૂર્ણા દેવીને સતત વ્યથિત કર્યા છે નારી જીવનની વિવક્ષિત સમસ્યાઓને સર્જનાત્મક ભૂમિકાએ અનાવૃત્ત કરવાના આંતર અવાજમાંથી સર્જાય છે. નારીના અસ્તિત્વ અને અસ્મિતાની આ સંઘર્ષકથા અન્યાય અને શોષણનો વિરોધ કરી પતિ–પરિવાર, સમાજ અને જાત સાથે સંઘર્ષ છેડી ઘરની ચાર દિવાલોમાંથી જ પોતાનો માર્ગ નિર્માણ કરી સામાજિક જાગરણ અને પુત્ર ક્રાન્તિની કેડીને સત્ય પ્રકાશિત કરે છે. જ્ઞાતિ–સમાજ–ધર્મની પ્રબળ ભીંસમાંથી મુક્ત થવા ઝઝૂમતી સત્યની સંઘર્ષકથા અને તત્કાલીન બંગાળી સમાજની કથાના સંયુક્ત તાણાવાણાઓથી આ કથાપટ વણાયો છે. કથાના કેન્દ્રમાં સત્ય હોવા છતાં આ કથામાત્ર તેના આંતરસંવિદ્‌ની કથા ન બની રહેતા હાંસિયામાં રહી ગયેલ સમગ્ર નારીસૃષ્ટિનું એક આગવું પરિમાણ બની રહે છે. આજે નારીવાદી આંદોલન ચર્ચાના કેન્દ્રમાં રહ્યું છે ત્યારે ભારતીય નારી સમાજના પરિવર્તન સંદર્ભે પણ આ કથાનું વિશિષ્ટ મૂલ્ય ઊપસે છે. જેરમી ટેલર કહે છે કે – “બધી સદ્‌ગુણી સ્ત્રીઓ કાચબાની જેમ પોતાનું ઘર પોતાના માથા પર લઈને ફરે છે. પોતાનું દેવળ પોતાના હૃદયમાં, પોતાના જોખમો પોતાની આંખોમાં, પોતાનો આત્મા પોતાના હાથોમાં અને પોતાનો ઈશ્વર પોતાના બધા કર્મોમાં.”[૧] જેરમી ટેલરનું આ કથન સત્યવતી માટે પૂર્ણ રીતે ચરિતાર્થ થતું વાક્ય છે.

અમાનુષી સમાજ વ્યવસ્થાઓ વચ્ચે નારી ઉત્થાનની વાત જે રીતે અહીં આકારિત થઈ છે તેની નોંધ લેવી પડે. એક તો અહીં રજૂ થયેલ પરંપરાનો વિરોધ અને વિદ્રોહની રીતિ આવેશમુક્ત એટલે કે શાંત અને અહિંસક છે.

વસ્તુવિકાસની દષ્ટિએ જોતા કથાગણ તબક્કામાં વિભાજિત થતી જણાશે. આરંભમાં સત્યવતીનું નિત્યાનંદપુરમાં પિતાના ઘરમાં થનગનતું વિકસતું નિર્દોષ રમતિયાળ બાલ્યજીવન ત્યારબાદનું બાલ્યકાળમાંથી અચાનક જ બારુદપુરમાં પહોંચીની પોતાના વ્યક્તિત્વની પ્રસ્થાપના માટે પરંપરાનો પ્રતિરોધ કરતું સત્યવતીનું કસોટીયુક્ત જીવન, અંતિમ ચરણમાં કલકત્તા યાત્રાથી કથાવસ્તુનો પટ બદલાય છે. અનેક સમ–વિષમ સંજોગો

વચ્ચે વિસ્તરણ અને સંકોચન પ્રક્રિયામાંથી પસાર થતું સત્યવતીનું વિવાહિત જીવન અહીં કેન્દ્રમાં છે. વિસ્તૃત સમયપટ પર ત્રણ પેઢીના વિસ્તારની અને તેમાંથી ઊગતી ચોથી પેઢીની કથા બાવન પૃષ્ઠોમાં સર્વજ્ઞ કથનરીતિથી આલેખાઈ છે. પરંપરાગત નારી જીવનમાં સ્થિતિ પરિવર્તન લાવવાના લેખિકાના વ્યાપક દષ્ટિબિંદુનું પ્રતિનિધિત્વ કરે છે. કથાનાયિકા સત્યવતી એક બાજુ તે ઘરની ચાર દિવાલોમાં કેદ ભારતીય નારીના અભિશપ્ત જીવનની મર્મસ્પર્શી વ્યથા કથા છે. તો બીજીબાજુ તે જાગૃત સંવેદનશીલ સ્ત્રી સત્યવતીની સંઘર્ષ કથા છે. તેણે આ સંઘર્ષ પતિ પરિવાર અને સમાજ સામે એટલા માટે કર્યો કે જેથી આવનારી પેઢ ીની સ્ત્રીઓ તેણે ભોગવેલ યાતનાથી મુક્ત રહે. લેખિકાએ રચનાને બંગાળના ગ્રામજીવન અને પરંપરાઓ તથા સંસ્કારોના મર્મસ્પર્શી ચિત્રોથી ખચિત દસ્તાવેજ બનાવી છે. અધિકૃતતાની છાપ ઊભી કરવા તેમણે રચનાને બકુલની નોંધપોથીમાંથી લીધેલ દર્શાવી છે. બકુલ કથાનાયિકા સત્યવતીની પુત્રી સુવર્ણલતાની સૌથી નાની દીકરી છે. તેનો નિર્દેશ કરી લેખિકાએ કુશળતાપૂર્વક નવલકથાના અંત પછીશું બન્યું. તેનો આછો ખ્યાલ આપી દીધો છે. કેમકે સુવર્ણલતાના લગ્ન સમયે તેની માતા સત્યવતી ગૃહત્યાગ કરે છે. ત્યાં નવલકથા પૂરી થાય છે. તેથી તે પછી સુવર્ણલતાનું શું થયું તેનો ખ્યાલ આરંભના આ અંશ પરથી મળી રહે છે.

લેખિકાએ કૃતિના આરંભમાં નોંધ્યું છે. આજના બંગાળીની અગણિત બકુલ–પારુલોની પાછળ છે. વર્ષોના સંઘર્ષનો ઈતિહાસ આવી સંઘર્ષ કરેલ એક તેજસ્વી સ્ત્રી સત્યવતીની આ કથા એવી અનેક સ્ત્રીઓના સંઘર્ષનું એક નિર્દેશન માત્ર છે. પ્રૌઢાવસ્થામાં પહોંચેલ કવિરાજ (વૈદ્યરાજ) બ્રાહ્મણ રામકલીની એક માત્ર સંતાન સત્યવતી પિતાની લાડકી પુત્રી હતી. સાત–આઠ વર્ષની ઉંમરે તો તેનું લગ્ન થઈ જાય છે. તેની મા, દાદી, કાકી, ફોઈ કોઈ તેને દબાવી શકતું નથી. કેમકે પિતાનો તેને ટેકો હતો. તેના સાહસિક કાર્યોથી વિશાળ સંયુક્ત કુટુંબની રૂઢિચુસ્ત સ્ત્રીઓ અકળાતી, ગભરાતી, પણ પિતાની મૂકસંમતિ મળવાથી સત્યવતી આગળ વધતી પોતે કયારેય કોઈપણ પરિસ્થિતિમાં હાર નહિ

માને એવી પ્રતિજ્ઞા તેણે કરી હતી. સ્ત્રીઓ પર થતાં અન્યાય, અત્યાચારનો વિરોધ કરવાનું તેનું વલણ બાળપણથી જ જોવા મળે છે. જટાએ તેની પત્નીને લાત મારી અને તે બેહોશ થઈ ગઈ એ જોયા પછી તે એક જોડકણું બનાવે છે અને જટા કે તેની માને જોતા જ અન્ય બાળકો સાથે તે ગાઈ સંભળાવે છે. એ પરથી તેની સર્જકતાનો, બુદ્ધિમતાનો તથા સાહસનો ખ્યાલ આવે છે. મોટી થઈને પિતા પાસે વિદ્યાભ્યાસ કરે છે અને વિશેષ પદ્યરચના પણ કરે છે. પોતાના બાળકો મોટાં થયાં પછી તે પ્રૌઢશિક્ષણ આપતી શાળામાં શિક્ષિકા તરીકે સેવા આપે છે. સત્યવતી જે સામાજિક પરિવેશમાંથી આવે છે તે પરિવેશની સ્ત્રી માટે આ સિદ્ધિ અકલ્પ્ય કહી શકાય તેવી છે.

આમ તો સત્યવતીનો ઉછેર પરંપરિત રૂઢ વાતાવરણમાં થયો છે પરંતુ નિષેધોના વનમાં તેને લાડ પ્યારની છાયા મળે છે. પિતા રામકલીની આથી જ તો તે સમયમાં છોકરીઓ માટે વર્જ્ય ગણાતી ઝાડ પર ચડવું, તરવું, માછલી પકડવી, લખવું, વાંચવું, કવિતા રચવી જેવી પ્રવૃત્તિઓમાં તે છોકરાઓથી પણ દસગણી આગળ છે. ટાગોરની 'શેષર' કવિતાની લાવણ્યની જેમ તે પણ પિતાનું એકમાત્ર સંતાન છે તથા તેના વ્યક્તિત્વ પર પિતાના બાળપણથી જ વિદ્રોહી એવા સ્વભાવનો મહત્ત પ્રભાવ છે. કહો કે પિતાના આદર્શનું તે જીવંત પ્રતીક છે. જીવનમાં કોઈપણ હાલતમાં હાર ન માનવી એ તેની પ્રતિજ્ઞા છે. તેના દૃઢ–સાહસી વ્યક્તિત્વની પ્રથમ ઓળખ થાય છે. બાળપણમાં જય વિશે રચેલી કવિતાથી છોકરીથી પદ્ય ન રચી શકાય એ કુમાન્યતા સામે અગ્નિમૂર્તિ બની તે તાડુકે છે. **''नही चाहिए ? लडकी ! लडकी, लडकिया क्या मां के पेट से नहीं पेदा होती बाढ के पानी में वह कर आती है ? बार-बार लडका-लडकी करती रहेगी तो मेरे साथ खेलने मत आना ।''**[२] આઠ વર્ષની બાલિકા–પટકીને બચાવવા–જતા પત્ની શારદાને જીવતે જીવ શોકના કાંટાની જલન આપી તે હૃદય વિદારક ઘટના અને પિતા સાથે તે જોરદાર દલીલો કરે છે. આ નાનકડી મુગ્ધ છોકરીના સ્વભાવનું આવું નિર્મલ તેજ

રામકલીને પણ વિચલિત કરી મૂકે છે. લખવા–વાંચવાથી સ્ત્રી આંધળી થઈ જાય એવી અંધશ્રદ્ધાથી પીડાતી માતા અકળાય છે. નારી શિક્ષણની આવશ્યકતાના પ્રશ્ને માતા–પિતા સાથે ચર્ચામાં તે કહે છેઃ "जरूरत की ही जब बात है तो औरत के जन्म लेने की ही क्या जरूरत है ? यह तो कही बाबूजी !"[3]

સાત–આઠ વર્ષની ઉંમરે પરણાવી દેવાતી બાલિકાઓ માટે સસુરાલ શબ્દ વાઘ–રીંછ ભૂતપ્રેત જેવો ડરામણો હોય છે. સસુરાલ અને યમરાજાનું ઘર તેમના માટે સમાન હોય છે તોય રામકલી જેવા પિતાએ પણ આઠ વર્ષની ઉંમરે જ સત્યવતીને પરણાવી દીધી. પોતાના ગળા પર કુહાડી રાખવા માટે સત્યવતી પિતાને જીવનભર માફ કરી શકી નથી છતાં પિતાના દીકરી ઉંમરલાયક ન થાય ત્યાં સુધી સાસરે ન મોકલવાના નિર્ણય સામે તે ખુદ સાસરે જવાનો પોતાનો મક્કમ આગ્રહ રજૂ કરી પિતાને મનાવે છે. સામાજિક કલંકમાંથી પિતાને ઉગારવા માટે તે જાણે સામે આવેલા મૃત્યુને સ્વીકારે છે.

કથાપ્રવાહને વેગ આપતા પરિબળો બદલાય છે. બારુદપુરનું વિશ્વ ઉછળતી–કુદતી સત્યવતીને પાષાણપુરી જેવું બંધનગ્રસ્ત લાગે છે. કંકાસના અવતાર જેવી સાસુ, એ લોકોનો ત્રાસ મૂક રીતે સહ્યા કરતી સત્યવતીને, વાળ બાંધવાની એક નાની લાગતી ઘટનામાં તેમની સાથે સીધા સંઘર્ષમાં ઉતરવું પડે છે. પીઠ પર મુક્કો મારવાની સાસુની હરકત તેના હૃદયમાં ખળભળાટ મચાવી દે છે. 'મને મારી' કહેતા તેનું પોલાદી મનોબળ આંખોમાં નિર્ભિક ચમકારા સાથે ધસી આવે છે. ભલભલાને ધ્રુજાવી અલોકશી વહુના આ એકાએક પ્રતીકારથી ક્ષુબ્ધ બની જાય છે. એકહથ્થુ સામ્રાજ્યના સાસુના પરંપરિત ચીલામાં સામાન્ય બનીને પોતે કયારેય નહિ જીવે જેવો ટંકારમાં સત્યવતીના સ્વાભિમાની વ્યક્તિત્વનો ધારદાર રણકો સંભળાય છે. પોતાના પ્રસવકાળ દરમ્યાન માતાનું મૃત્યુ થતા તે પિયર પહોંચી શકતી નથી. આથી મનોમન દુઃખી થાય છે. અહીં 'સાત પગલા આકાશમાં'ની વસુધાનું સ્મરણ થાય છે. માતાની ગંભીર માંદગી વેળાએ ફૈબાના અકસ્માતને લઈ તે જઈ ન શકી. મનમાં

વિરોધનો ભાવ છતાં વસુધા આજ્ઞાંકિત વહુ બનીને વ્યથાના ઘુંટડા ગળી જાય છે. પરંતુ સત્યવતી સાસુના ઉપેક્ષાપૂર્ણ વ્યવહાર તથા શોષણ સામે માથું ઊંચકીને પોતાનું સ્વત્વ જાળવી રાખે છે. અન્યાયને મૂક રીતે સહ્યા કરવું તેના સ્વભાવમાં નથી. આવી વ્યક્તિને પિતાતુલ્ય માની પગની ધૂળ માથે ચઢાવી માન આપવાનો તે વિરોધ કરે છે. 'મારું મન ન ચાહે તે કામ હું નથી કરતી' કહેતી સત્યવતીની ભીતરી તાકાત તેની પ્રત્યેના આપણા અહોભાવને દ્વિગુણિત કરી જાય છે.

'ગોરમાં ગોરમા રે કંથ દે જો કહ્યાગરો' એ તો બાલિકાની રમત–મજાક છે. કોઈપણ યુવતી સ્વતંત્ર વિચારક, બુદ્ધિમાન અને જીવનમાં સંવાદિતા સાધી શકે તેવો જીવનસાથી ઝંખે છે, પરંતુ સત્યવતીના દામ્પત્ય જીવનમાં માનસિક અસમતુલાની વિસંવાદિતા સર્જીને વિધાતાએ જાણે તેનો ક્રૂરતાભર્યો ઉત્પાત કર્યો છે, છતાં પતિ સાથે સ્નેહ અને વ્યવસ્થાથી તે ગૃહસ્થી નિભાવે છે. પતિની બીમારી સમયે  પોતાના જીવનમાં તેનું અભિન્ન સ્થાન છે. ઘરમાં એ જ તેનો કેવડો મોટો આધાર છે. તેની મનોમન પ્રતીતિ કરે છે. પતિ સાથે હસીખુશીથી જીવવાને બદલે વારંવાર વિચાર સંઘર્ષમાં ઉતરવા બદલ પશ્ચાતાપ અનુભવે છે. એટલું જ નહીં. ઈશ્વરને આજીજી પણ કરે છે. પોતાના ગળાનો હાર વેચી કલકત્તાથી ડૉક્ટર બોલાવવાનું તે જમાનામાં અશક્ય એવું પગલું ભરી તે પતિને બચાવી લે છે. સૌભાગ્યના જતન માટેનો સત્યવતીનો વલોપાત તથા તેને બચાવવાના મરશિયા પ્રયાસમાં લેખિકાની ભારતીય શાશ્વત નારીત્વની પરિકલ્પના સાકાર થતી જણાય છે.

પોતાની માતાના ત્રાસમાંથી સત્યવતીને બચાવવા નવકુમારે તેના પિતાને પત્ર લખ્યો. તેમાં આમતો પોતાનો પક્ષ લીધો ગણાય છતાં આવી પ્રવૃત્તિને ઘરના દુશ્મન થવા જેવું કૃત્ય ગણાવતા તે પતિને કહે છે : **"जो अपनी मां के गाल पर कालिख पोतते है, उसकी विद्या, बुद्धि की बडाई क्या?"**[૪] તેની આવી જ અપાર ગૂઢ સમજ, સૌહાર્દ અને પારદર્શિતા પોતાને અપમાનિત દશામાંથી છોડાવવા આવેલ પિતા સાથેની વાતચીતમાં પણ

વર્તાય છે. સ્ત્રી તરીકે સુખ કે દુઃખ હવે આ જ તેનું ઘર છે. તે કહે છે : "**कांसे-पीतल के बर्तन भी एक जगह रहते है तो समय-समय पर टकराते है बाबूजी हम सब तो जीते-जागते आदमी है । कभी झगड़ते ही नहीं जगत में नदी यह भला बलपूर्वक कहा जा सकता है ? लेकिन हा, अपनी बेटी पर इतना भरोसा रखिए कि वह कोई अन्याय करेगी भी नहीं, सहेगी भी नहीं ।**"[५]

આમ, શોષણના બધા જ શસ્ત્રો છૂટાં મૂકતી દુષ્ટતાની પ્રતિમૂર્તિ સમી અલોકશીનું પાત્ર સર્જીને લેખિકાએ ભારતીય કુટુંબવ્યવસ્થાના વાસ્તવને તાદૃશ કર્યું છે.

ગામડાના ગૂંગળાવનારા વાતાવરણમાં કૂપમંડુક બની બેઠેલા પતિને વિશાળ દુનિયાનો પરિચય કરાવવા તે કલકત્તા લઈ જાય છે. મહાનગરના વિશાળ પ્રગતિશીલ જીવનથી નવકુમારના વ્યક્તિત્વમાં થોડુંક પરિવર્તન જરૂર આવે છે. પછી સત્યની અપેક્ષા પ્રમાણેનો વિકાસ તે સાધી શકતો નથી. કલકત્તાની સત્યવતીની યાત્રા કથાનો અંતિમ તોય માર્મિક અંશ છે. નવલકથાને ગતિ આપવા માટે લેખિકાએ ખોબા જેવડા ગામના સંકુચિત ઘરેડિયા જીવનમાંથી સત્યવતીના કુટુંબને કલકત્તાના વિશાળ ફલકમાં મૂકી આપ્યું. નિર્ભિકતા, કોઠાસૂઝ બળથી તે સ્વમાનપૂર્વક વ્યક્તિગત સમસ્યાનું કેન્દ્ર ક્રમશઃ વ્યાપક બને છે. જે બાબતો સ્ત્રીને સૌથી વધારે આકર્ષે છે. તે કેવળ પુરુષ જ આપી શકે એમાં ત્રણ મુખ્ય છે. મર્દાનગી, સાહસ અને સહાનુભૂતિ.... સહાનુભૂતિ બતાવે છે, તે મેદાન મારી જાય છે કારણ કે પ્રકૃતિની યોજનાઓનો એ ભાગ છે. સત્યવતીમાં આ સાહસ વર્તાયા વગર રહેતું નથી.

શંકરાની આત્મહત્યા બાદ તેની પુત્રી સુહાસને તે આશ્રય આપે છે. પોતાને પૂછ્યા વિના અજાણ્યાને ઘરમાં રાખવાના સત્યવતીના નિર્ણયનો પતિએ વિરોધ કરતા તે છંછેડાય છે. ભૂલથી વિચારેલું કે આ ઘર મારું છે. એ સો હથોડાના ઘાથી એ ભૂલ તૂટી ગઈ, સારું થયું

એક પાઠ શીખતા હૈયા–સોંસરવી સ્પર્શી જાય તેવી વેધક રીતે લેખિકાએ સમગ્ર નારી જગતની ભાવસંવેદનાનો અહીં પડઘો પાડ્યો છે. 'સાત પગલા આકાશમાં'ની વસુધા રંજનાને મદદ કરવા પતિ પાસેથી પૈસા મેળવી શકતી નથી ત્યારે એના મનમાં પણ પોતાના અસ્તિત્વનો આવો જ પ્રશ્ન જન્મે છે. પરંતુ આશાપૂર્ણા દેવી સ્ત્રીના પક્ષપાતી બની મુગ્ધ આવેશમાં ન ખેંચાતા નિરૂપણનું સંતુલન વધુ સારી રીતે જાળવી શક્યા છે. સુહાસમાં પોતાના જ તેજનું પ્રતિબિંબ નિહાળવું તેને શિક્ષા સંસ્કાર આપી આત્મનિર્ભર બનાવવી તેની માતાએ લગાવેલા બાળ વિધવાના લેબલમાંથી મુક્ત કરી માસ્ટરજી સાથે તેના લગ્ન કરાવવા જેવી સુધારાલક્ષી બાબતમાં સત્યવતીની અંતિમ શ્વાસ સુધી લડી લેવાની તત્પરતા અને અપાર સંકલ્પ શક્તિનો પડઘો સંભળાય છે. કવિવર સુમિત્રા નન્દન પંત કે લિયે નારી મે પ્રાણ ઔર સહચરી હૈ, તો પ્રસાદ કે લિયે શ્રદ્ધા કાલિદાસ કે લિયે ગૃહિણી, સચિવ કે લિયે સુખી ઔર પ્રિય શિષ્યાહા ! તો ભવભૂતિ કે લિયે ગૃહલક્ષ્મી ! નારી કી મદતા ઔર ગૌરવ ગરિમાને કવિવર જયશંકર પ્રસાદ કી નિમ્ન પંક્તિઓને દેખા જા સકતા હૈ જો દયા, કરુણા, ત્યાગ, મમત્વ ઔર સેવા ભાવના કી સાકાર પ્રતિમા હૈ.

**"नारी ! तुम केवल श्रद्धा हो,**
**विश्वास रजत नरा पद्तल में,**
**पीयूष स्त्रोत सी बहा करो**
**जीवन के सुन्दर समतल में "[૬]**

ઉપયુક્ત પંક્તિઓ નારીના મહામહિમ ઉદાત્ત ગરિમા મંડિત સ્વસ્થને અભિવ્યક્ત કરે છે. જે તે યુગને પ્રદર્શિત કરી આપે છે. પતિ–સાસુ વગેરેની વિનવણી છતાં હવે સાથે એક ક્ષણ પણ ન જીવી શકાય એમ વિચારી કાયમ માટે અન્યના ખભા પરથી ઉતરીને જાતના ભરોસે આગળ વધી. અનંતકાળના બંધનમાંથી તે મુક્ત થાય છે. પત્ની ધર્મ,

માતૃધર્મ, કુટુંબધર્મ સામે અંતરાત્માના અવાજનો સ્વધર્મ સ્વીકારી ક્ષણના પણ વિલંબ વિના તે આ પરિવેશમાંથી ચાલી નીકળે છે.

જો કે આ સંઘર્ષમાં હારી કે થાકી નથી. પરંતુ ત્રીસ વર્ષ સુધી પતિ અને સંતાનો પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કર્યું. અંતે હવે એક વાર પોતાની તરફ જોવાની ઈચ્છા તેનામાં જન્મી છે. સ્વતંત્ર અને સ્વાયત્ત જીવનની અભિપ્સાએ તેને આ જીવન પર પૂર્ણ વિરામ મુકાવ્યું છે. કથાની આ કટોકટી પૂર્ણ ઘટનામાં લેખિકાની ચરિત્રાંકન શક્તિ ઉતુંગતાની ચરમસીમાએ પહોંચે છે. 'ધ કલર પરપલ'ની એલી, 'ધ ડૉલ્સ હાઉસ'ની નોરા, 'સાત પગલા આકાશમાં'ની વસુધા વગેરે નારી પાત્રોએ અન્યના વિરોધમાં ગૃહત્યાગ કર્યો છે. તેનું અહીં સ્મરણ થાય અલબત્ત દરેક પાત્રના સંજોગો પોતિકા છે.

ભારતીય નારીસમાજને અવગત કરાવતા હોય તેમ લેખિકાએ જુદા–જુદા સ્તરનાં સંખ્યાબંધ સ્ત્રીપાત્રોનું નિરૂપણ કર્યું છે. કથામાં અલોકશી (સાસુમા) જેવું આદિથી અંત સુધી કોઈ જ ફેરફાર ન પામતું પરંપરાને પ્રાણની જેમ જાળવતું દૂરિત પાત્ર છે, તો ભુવનેશ્વરીમાં પરંપરાગત નારી કલ્પનાને સાકાર કરે તેવી ગૃહિણીની ભૂમિકાને પૂરતો ન્યાય આપતી વફાદારી અનુભવાય છે. વૈધવ્ય મોક્ષદાના જીવનની કઠોર કરુણ વાસ્તવિકતા છે. પાછળથી પોતાના ગૌરવહીન જીવનમાં હતાશાનો અનુભવ કરતી અને સત્યવતીને તે દુ:ખી થશે એમ ભારપૂર્વક કહેનારી મોક્ષદા તું જ બાજી મારી ગઈ એ વાત સ્વીકારે છે. પતિના બીજા લગ્નથી શારદા વ્યથિત બને છે. અન્નત્યાગ કરીને રડીને અબોલા લઈને તે મનોમન વિદ્રોહ કરે છે. પણ વડીલો સામે પોતાની વેદના કે વિરોધની વાત સ્પષ્ટ કરવા જેટલી હિંમત દાખવી શકતી નથી. શંકરી પતિને છોડી નાગેન સાથે ભાગી જવાનું સાહસ કરે છે પણ ફટફટિયા પ્રેમનો અનુભવ કરાવી તે તેને ગર્ભવતી દશામાં ત્યજી દે છે. મુક્તિ માટેનું તેનું અવિચારી સાહસ અંતે આત્મહત્યાની કરુણતામાં પરિણમે છે. સૌધ પતિ વિના મામા–મામી સાથે દબાતી કચડાતી દશામાં કાંટાની સેજ પર જીવન વ્યતીત કરે છે. જો કે સત્યના સહવાસ દ્વારા તેનામાં હિંમત અને નિર્ભિકતાનો એક પુંજ ઘડાય છે.

નારીપાત્રોની તુલનામાં પુરુષપાત્રો અહીં અલ્પ સંખ્યામાં છે. નારી શોષણની અપેક્ષાએ આ પાત્રો સ્ત્રીઓ પ્રત્યે સમભાવી અને ઉદાત્ત દષ્ટિ સેવે છે. જેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે, સત્યવતીના પિતા રામકલી ચેટરજી, બાળપણથી જ શિવજીને દૂધ પિવડાવવાના પ્રસંગથી તેમના સ્વતંત્ર, સ્વમાની અને વિદ્રોહી સ્વભાવનો પરિચય અહીં થાય છે. ચિકિત્સા વિદ્યામાં નિષ્ણાત કવિ રામકલીનો સમાજમાં મહત્તમ પ્રભાવ છે. હિન્દુસ્તાનના પરદા પર ન હોય તેવું અનોખું વ્યક્તિત્વ ધરાવતી દીકરી તૈયાર કરવાના તેમના અરમાન છે. માત્ર આઠ વર્ષની ઉંમરે સત્યવતીના લગ્ન કરવા પડ્યા તેમાં તેમના દષ્ટિકોણની મર્યાદા સ્પષ્ટ થાય છે. પોતાની અનિચ્છા છતા સત્યવતીને નાબાલિક થયે સાસરે વળાવવી અને એ વાત સત્યવતીને કહે છે. **“जब ईश्वर के राज्य मे ही समय की पाबंदी नही है, नियम नही है, तो आदमी का क्या रहेगा ? आज मुले पराए घर भेजने में आपका कलेजा टूक-टूक हो रहा है, लेकिन अभी ही अगर मोत आ खडी हो, उसके हाथो तो सोंप ही देना पड़ेगा ? अचानक आंचल से उसने आखे पोछी । उसके बाद भारी गले से बोली वैसे मे तो नही कह सकेगे । आपकी अभी समय नही हुआ है, नियम नहि है और यमराज का घर जब समान ही है, तो आप मनमे खेद न ससुराल भेज दीजिए । सोच लिजिए कि मरमयी ।”**[७] સત્યવતી જાતા-જાતા પોતાના પિતાને આ વાક્ય કહેતી જાય છે. જમાઈનું બૌદ્ધિક સ્તર સ્પષ્ટ થતા મનોમન દુઃખી થવું અને અપરાધભાવ અનુભવવો રતી ભરની છોકરી બાપ સામે અહંકાર બતાવી યાતનામય જીવન વિતાવે છે.

પત્નીના મૃત્યુ બાદ તેને અન્યાય કર્યાનો બોધ અનુભવવો નવકુમારની માંદગીનો સંદેશ છતાં પરિસ્થિતિ વશ જાતે દવા કરવા ન જઈ શક્યાની વિવશતા અનુભવતી શ્રદ્ધા-સન્માન-ભક્તિ મળ્યા પણ જીવનમાં પ્રેમની ઊણપ જ રહી તેનો વસવસો થવો જેવી સ્થિતિ અનુભૂતિના આલેખનમાં તેમના વ્યક્તિત્વની વિવિધ લાક્ષણિકતાઓ ઉઘડતી રહી છે.

ભવતોષ માસ્ટરમાં નવા વિચારનો આવિર્ભાવ પણ લેખિકાએ દર્શાવ્યો છે. સ્ત્રીની ઉન્નતિમાં પુરુષના પ્રદાનનો એક અણસાર અહીં વર્તાય છે.

નારીપ્રધાન આ કથામાં સત્યવતીના પતિ નવકુમારના વ્યક્તિત્વનું સમતોલ ચિત્રણ થયું છે. અંગ્રેજી શીખવા છતાં તે પોતાનામાં વિચારોની નવીનતા પ્રગટાવી શક્યો નથી. સત્યવતીના વ્યક્તિત્વથી અભિભૂત બનતા પ્રારંભમાં તે લઘુતાગ્રંથિ અનુભવે છે. પત્નીને સમજવા તે કેટલો ઊણો પડે છે. આવી જતો સૌધની વાતમાં સૂર પ્રગટાવવાનું મન થાય છે. સત્યવતી સુધી તારી પહોંચ કદી નથી થઈ આજે પણ નહિ થાય નવુકમાર સત્યવતીથી હંમેશા ડરતો જ રહે છે. એક વાક્ય જોઈએ તો નવકુમાર ઝડપથી ભાગી જાય છે ને સત્યવતીથી ડરી ગયો હોય તેમ **"सत्य से वह डरता तो सब दिन है मगर फिर भी मानो कही कुछ भरोसा था । इधर दो साल से अलग रहने के बाद कैसे नवकुमार को जाने कैसा भरोसा ही न मय हो गया है । उसके चहेरे की तरफ ताकने से सहम जाना पडता है । जैसे अपने ऊपर यह आस्था नहीं कि आड में कही उसका हाथ जरा दबा सके ।"**[૮] ઉલટાનું જીવનભરના સંઘર્ષની પરાકાષ્ઠાના પ્રસંગે તે પત્નીને તારા નસીબમાં અશેષ દુઃખ છે, નો જ શાપ આપે છે. સમગ્ર પુરુષ જાતનું સ્ત્રી પ્રત્યેનું વલણ અહીં પડઘાતું જોવા મળે છે. નારી સ્થિતિમાં સુધારણાની આવશ્યતાનો સચોટ સંકેત તો કર્યો છે. પરંતુ પરિવર્તનનો આગ્રહ કેવો દુર્ભેદ છે. એ હકીકત અનાવૃત્ત કરે છે, તો તેવું બીજું પુરુષપાત્ર ભવતોષ માસ્ટરનું છે. ભવતોષ માસ્ટરમાં નવા વિચારનો આર્વિભાવ થતો લેખિકાએ દર્શાવ્યો છે. સ્ત્રીની ઉન્નતિમાં પુરુષના પ્રદાનનો એક અણસાર અહીં વર્તાય છે.

સામાજિક દસ્તાવેજ સમાન આ કૃતિમાં ઓગણીસમી સદીના ઉત્તરાર્ધનું ગ્રામજીવન કલકત્તાનું શહેરીજીવન અને ખાસ તો તત્કાલીન સ્ત્રીજીવન પ્રતિબિંબિત થયું છે. તત્કાલીન સમાજનો આબેહૂબ ચિતાર લેખિકાએ કુશળતાપૂર્વક આપ્યો છે. આશાપૂર્ણા દેવી એક સશક્ત કથાલેખિકા છે, તેનો ખ્યાલ કૃતિનાં વાચન પરથી મળી રહે છે. લેખિકાની વર્ણન

નિરૂપણ શક્તિ તથા ભાષા પ્રભુત્વ પરાભવ છે. વર્ણન પાત્રોનું હોય કે પ્રકૃતિનું લેખિકાએ થોડા શબ્દોમાં જ સુંદર ચિત્રો ખડા કરી દીધા છે. બૃહદ્ નવલકથા હોવા છતાં લેખિકાએ કયાંય બિનજરૂરી પ્રસ્તાર કર્યો હોય એવું લાગતું નથી. તીર જેવી વેધક લક્ષ્યગામી ગતિ લેખિકાના લેખનની વિશેષતા છે. ઓછા શબ્દોમાં વધુ વાત કરવા લેખિકાએ કવચિત્ પ્રતીકાત્મક વ્યંજનાગર્ભ નિરૂપણ કર્યું છે. પણ લેખિકા ખરેખર ખીલે છે પ્રસંગાલેખનમાં ભાવલેખનમાં નવલકથામાં એવી અનેક ભાવપૂર્ણ ક્ષણો અંક્તિ થઈ છે. જેનું આલેખન આંખ ભીની કરી દે છે.

'સાત પગલા આકાશમાં'ની જેમ સંબંધ સમસ્યાઓ એકસાથે રજૂ કરવાનો આશાપૂર્ણા દેવીનો કોઈ પૂર્વ નિર્ણિત અભિગમ ન હોઈ 'પ્રથમ પ્રતિ શ્રુતિ'માં કથાપ્રવાહનું સાતત્ય જળવાયું છે. તેમજ દરેક પાત્રની આગવી ઓળખ પ્રગટી શકી છે. ભારતીય જીવનની કેટલીક દસ્તાવેજી સામગ્રી પણ કથાપ્રવાહમાં એક રસ થઈ ગઈ છે. આથી ભારતીય સમાજના બૃહત્ પરિવેશનો સંઘન પરિચય થાય છે. 'પ્રથમ પ્રતિ શ્રુતિ' સમસામાયિક વાસ્તવિકતાનું યથાતથ પ્રતિબિંબ પાડતી સાચા અર્થમાં ભારતીય નવલકથા છે. નારીજીવનની કઠોર વાસ્તવિકતાનું આવું સઘન આટલું સ્પર્શક્ષમ ચિત્ર એક રીતે કહીએ તો જ્ઞાનપીઠ એવૉર્ડને ગૌરવપૂર્ણ બનાવે છે. ભારતીય નારીના સંઘર્ષની માર્મિક વિચારોતેજક અને પ્રેરક એવી આ વ્યથાકથા માત્ર બંગાળી સાહિત્યની જ નહિ, ભારતીય સાહિત્યની એક અવિસ્મરણીય શિષ્ટ કલાકૃતિ છે.

## ❖ 'ન હન્યતે' – લે.મૈત્રેયી દેવી, અનુ. નગીનદાસ પારેખ :

દર્શનશાસ્ત્રી વિશ્વવિખ્યાત અધ્યાત્મક સુરેન્દ્રનાથ દાસગુપ્તાની પુત્રી મૈત્રેયીદેવી બંગાળી સાહિત્યક્ષેત્રે એક પ્રતિભાશાળી લેખિકા તરીકે સ્થાન પામ્યાં છે. તેમનું પહેલું પુસ્તક 'ઉદિતા' રવીન્દ્રનાથની પ્રસ્તાવના સાથે એ સોળ વરસના હતા ત્યારે ૧૯૩૦માં પ્રગટ થયું હતું એ પછી બીજા ચાર કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. 'મિત્રછાયા', 'સ્તબક', 'હિરણ્ય પાંખી'

અને 'આદિત્ય'. મૈત્રેયી દેવી ભારતીય સાહિત્યમાં વિશેષપણે જો તેઓ આદર યશના અધિકારી બની શક્યા હોય તો તે છે તેમની આત્મકથનાત્મક નવલકથા 'ન હન્યતે'.

'ન હન્યતે' મૈત્રેયી દેવીની આત્મકથનાત્મક નવલકથા છે. આત્મકથનાત્મક નવલકથામાં આત્મકથા અને નવલકથાનાં તત્ત્વો એકબીજા સાથે કલાત્મક રીતે સંમિશ્રિત થઈને અભિવ્યકિત પામતાં હોય છે. દરેક ભાષામાં આવી આત્મકથનાત્મક નવલકથાઓ જોવા મળે છે. બે–ત્રણ ઉદા. જોઈએ તો અંગ્રેજીમાં સમરસેટ મોમની 'Of human Bondags' ગુજરાતીમાં 'જિગર અને અમી' ચુ.વ.શાહ દર્શકની 'કલ્યાણયાત્રા' વગેરે કૃતિઓ ઉલ્લેખનીય છે તેમાં મૈત્રેયી દેવીની 'ન હન્યતે' કૃતિ આવા અનોખા પ્રેમની કંઈક જુદી જ ભાત ઉપસાવી આપતી કૃતિ છે.

'ન હન્યતે' કથાનું મુખ્ય લક્ષણ એ છે કે એમાં કશુંય કૃતક નથી એટલે કે બનાવટનો કયાંય પ્રયત્ન નથી. મહોરું રજૂ કરવાનો છૂપો છૂપો પણ આશ્રય જણાતો નથી. એથી જ આખી કથા વાંચતા જઈએ છીએ તેમ–તેમ એક વધુને વધુ સાચો ચહેરો ઉપસતો આવે છે. અઠ્ઠાવને પહોંચ્યા પછી એકા–એક ચેતનાના સર્વ પડ ભેદીને સોળની ઉંમરે થયેલા પુણ્યાનું ભવની સબળ સ્મૃતિ ઊપછી આવે છે. ઊંઘ માંડ એક કલાકની થઈ જાય છે. આ સ્મૃતિનો પ્રકોપ આઠેક મહિના ચાલે છે. આમ જુઓ તો કથા આ આઠ મહિનાની છે પણ તે મહિનાઓમાં પાછલા વરસોનું જીવન–ખાસ તો સોળમાં વરસનું પ્રણયજીવન વાગોળવાનું માત્ર બનતું નથી. એ જીવન એની નાનામાં નાની વિગતો સાથે કેડો કે દેહમનના તંતુએ તંતુમાં સમગ્ર ચેતનામાં અમૃતા ફરીથી જીવે છે. એટલે આ કથામાં એક પણ અક્ષર ટાઢા લોહીએ કહેવાયેલા નથી. ભૂતકાળ એ ભૂતકાળરૂપે રજૂ થયો નથી. પ્રત્યક્ષ જિવાતો વર્તમાન ન હોય એવી એની તાત્કાલિક પ્રતીતિ થાય છે.

'ન હન્યતે'માં સામગ્રી આત્મકથાની છે. રચનાકલા નવલકથાની છે. લેખિકાએ તેમની કિશોરાવસ્થામાં અનુભવેલા પરદેશી યુવાન પ્રત્યેના પ્રેમભાવ તથા લગ્ન સન્દર્ભમાં

તેમને મળેલી નિષ્ફળતાના પરિણામે ઊભી થયેલી ભાવપરિસ્થિતિને પ્રસ્તુત નવલકથાની વસ્તુ સામગ્રી તરીકે નિરૂપી છે. લેખિકાએ પોતાના જીવનના અંગત પ્રસંગોમાંથી અંગતતાને ઓગાળીને સ્વાનુભવને સર્વાનુભવમાં ઢાળીને પોતાની સર્જક પ્રતિભા દ્વારા 'ન હન્યતે'નું સર્જન કર્યું છે. વિશ્વ વિખ્યાત તત્ત્વજ્ઞાની પિતાએ ભારતીય સંસ્કૃતિની એક –ત્રેવીસ વરસના બલ્ગેરિયાના વિદ્યાર્થી મિર્ચા પુકિલડને પોતાને ઘેર રાખવાનો કવયિત્રી પુત્રી અમૃતા આગળ પ્રસ્તાવ મૂક્યો. ભોંય તળિયે એને માટે એક ઓરડીનો ભાગ ફાજલ પાડવામાં આવ્યો. મહિનાઓ બાદ ખબર પડી કે બન્ને વચ્ચે પ્રેમસંબંધ વધતો આવે છે. પિતાએ મિર્ચાને ઘરનિકાલ કર્યો.

'ન હન્યતે'ની વસ્તુસામગ્રી જેટલી આસ્વાદ્ય છે. એટલી અનોખી પણ છે. સમગ્ર કૃતિના કેન્દ્રમાં કથાનાયિકા અમૃતાના જીવનાનુભવો છે. આ અનુભવોમાં મુખ્યત્વે તો ઈ.સ.૧૯૩૦ના વર્ષ દરમ્યાન યુરોપના દેશમાંથી સંસ્કૃતભાષા શિખવા માટે તેના પિતા પાસે આવેલા અને તેમના ઘરના એક રૂમમાં રહેતા મિર્ચા પુકિલડ નામના યુવાન સાથેનો પ્રણય સમ્બન્ધ છે. ઘરમાં અને બહારની વારંવાર મુલાકાત અને નિકટતાના પરિણામે મિર્ચા અમૃતા એકબીજાની પ્રત્યે પ્રેમાકર્ષણ અનુભવે છે. થોડી મુલાકાત બાદ બન્ને વચ્ચેનું આકર્ષણ દઢ બને છે. પરન્તુ જ્યારે લગ્નની વાત આવે છે ત્યારે ભારતીય અને પાશ્ચાત્ય સંસ્કૃતિનો બહુ મોટો પ્રશ્ન વચ્ચે આવીને ઊભો રહે છે. એક પરદેશી સાથે લગ્ન કરી ન શકાય એવું માનતા અમૃતાના પિતા નવીનબાબુ મિર્ચાને ઘરવટો આપીને અમૃતા સાથે કોઈપણ પ્રકારનો સમ્બન્ધ ન રાખવાનું વચન લઈ લે છે. મિર્ચા ઘર છોડે છે. હિમાલયમાં થોડો સમય વિતાવીને પછી પોતાને દેશ ચાલ્યો જાય છે. ત્યાં અનેક પુસ્તકો લખીને પ્રતિષ્ઠિત થાય છે. બીજી બાજુ અમૃતા થોડો સમય મિર્ચાનાં સ્મરણથી અસ્વસ્થ બને છે. રવીન્દ્રનાથ ટાગોર તેને આશ્વાસન આપીને નવોત્સાહ જન્માવે છે અને પિતા તેને એક સ્વસ્થ અને શાંત એવા યુવાન સાથે પરણાવી આપે છે. અમૃતાનું દામ્પત્યજીવન વર્ષો સુધી શાંત ઝરણાની જેમ વહે છે. વચ્ચે–વચ્ચે મિર્ચાના ખબર મળ્યા કરે છે. એ રીતે ૪૨ વર્ષો

વીતી જાય છે. આ દરમ્યાન એકવાર મિર્ચાના દેશથી તેનો શિષ્ય સરગેઈ અમૃતાને મળવા આવે છે. અમૃતાને મળે છે. સરગેઈ અમૃતાને એક પુસ્તક વિશે કહે છે "મને કલંક લાગે તેવું તેમાં લખ્યું નથી ને?"[૯] સરગેઈ એ નીચે જોઈને કહ્યું : "તેને લખ્યું છે કે તમે રાત્રે તેના ઓરડામાં જતાં."[૧૦]

આ વાક્યથી વૃદ્ધ બનેલી અમૃતાનો આક્રોશ જાગી ઊઠે છે. ભારતીય સ્ત્રીને જન્મે એવા વિચારોથી તે ક્ષુબ્ધ બને છે અને તેના ચિત્તમાં ઈ.સ.૧૯૩૦ના જીવાનુભવ–પુણ્યાનુભવ જીવંત થઈને વહેવા માંડે છે. આ ઘટનાથી અમૃતા એટલી વિક્ષુબ્ધ બને છે કે તેના હૃદયમાં–ચિત્તમાં મિર્ચાને મળવાની તીવ્ર ઝંખના જન્મે છે. તે પેરિસ પહોંચે છે અને મિર્ચાને મળે છે અને પુનઃ આકાશગંગામાં મળવા ઝંખે છે. કૃતિમાં નિરૂપાયેલી કથા સામગ્રીમાં આત્મકથનાત્મક અંશોનું બાહુલ્ય હોવા છતાં આ સામગ્રીને અહીં જે રીતે રજૂ કરવામાં આવી છે તે રીતે આ કૃતિને આત્મકથા બનતી અટકાવી નવલકથાની સરહદમાં પ્રવેશ કરાવે છે.

આ કથા આત્મચરિત્રાત્મક નવલકથા હોવાથી બે–ત્રણ સવાલો સહેજે વાચકના મનમાં ઊઠવાના સાઠે પહોંચેલી એક સંભવિત સન્નારીને પતિ, બાળકો અને મિત્રો આગળ પોતે જે સમાજમાં સન્માન્ય સ્થાન મેળવ્યું છે તેની આગળ પોતાની પ્રતિમાં વિક્ષુબ્ધ કરી બેસે એવો પોતાનો સોળમાં વરસનો પ્રણયાનુભવ કહેવા બેસવાનું કોઈ કારણ ? બીજો અને પસારાવાદી હિંદુ ભારતીય માનસ માટે વધુ ગંભીર સવાલ એ કે આટલી પરિપકવતા વચ્ચે ચાર દસકામાંથી ચેતનામાં ભંડારાઈ રહેલા અનુભવની સ્મૃતિથી એ અભિભૂત કેમ થઈ જાય છે અને અસહાયપણે એને વશ કેમ થાય છે અને તે એટલી હદ સુધી કે બધું જ રજેરજ જાણે કે ફરીથી જીવે છે ? વળી વધુમાં એ અગાઉના અનુભવ તંતુને પકડીને આગળ વધી પેલા પ્રણયનો પતો મેળવવા અને માનવા જવા શા માટે પ્રેરાય છે ? આ સવાલો આપણા હાથમાં આત્મચરિતાત્મક નવલકથા છે એથી મનમાં ઊભા થવા પામ્યા છે. એટલે સૌથી વધુ

સુસંગત સવાલ તો એ છે કે લેખિકાએ આપણી આગળ પ્રસ્તુત કરેલા આ બયાન દ્વારા પોતે ભાવાત્મક અને ચૈતસિક રીતે હળવી થઈ એવો વ્યવહારું આશય માત્ર સરે છે કે આખીય એક કલાકૃતિ બનવા પામે છે.

એક કલાકૃતિ તરીકે 'ન હન્યતે'ને તપાસીએ છીએ ત્યારે તેનું વિશિષ્ટ રચના વિધાન તરત નજરે ચડે છે. આખીય કૃતિ ચાર પર્વમાં વિભાજિત કરવામાં આવી છે. પ્રથમ પર્વમાં મિર્ચા અને અમૃતા વચ્ચેના બેતાલીસ વર્ષ પૂર્વના પ્રણયજીવનની સ્મૃતિકથા નિરૂપાઈ છે. દ્વિતીય પર્વમાં અમૃતાના દામ્પત્ય જીવનની વાત વિશેષ પણે નિરૂપાઈ છે અને તેમાં અમૃતાનું મનોગત પ્રગટે છે. આ પર્વમાં આત્મકથાનો અંશ વધુ લાગે છે. તૃતીય પર્વમાં મિર્ચાનું મનોગત પ્રગટે છે. મિર્ચાનો વાંક નિહાળતી અમૃતાને વર્ષો પછી સાચી વાતની જાણ થાય છે ત્યારે પુનઃ તેને મળવા ઉત્સુક બને છે. ચોથા પર્વમાં અમૃતા અને મિર્ચાનો બેતાળીસ વર્ષ પછી પુનઃ મેળાપ થાય છે અને આ મેળાપ દ્વારા મિર્ચાની આંતર–બાહ્ય ભાવપરિસ્થિતિનો ખ્યાલ આવે છે. નવલકથામાં આ પ્રકારે થયેલું વિધાન રસકીય કોટી ધારણ કરે છે.

પતિના આગ્રહથી અમૃતા મિર્ચાને સાક્ષાત મળવા ગઈ ત્યારે એને એમ કહે છે કે આ હિંમત તેનામાં ગાંધીને લીધે આવી છે. જાહેર છે કે ગાંધી તેમની પોતાની પૂર્વવયની ગંભીર ત્રુટિઓ જગતના ચોકમાં મૂકવા તલભાર સંકોચ અનુભવ્યો નથી. સાભળ્યું છે કે અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જાતિઓના અપૂર્વ સેવક ઠક્કરબાપાએ એમની એંશીમી વરસગાંઠે એમને અભિનંદન આપવા રાજધાનીમાં ભેગા થયેલા તે ભૂમંડળ અને પ્રતિષ્ઠિત નાગરિકોને એક પછી એક પોતાના પાતકો સંભળાવીને ભારે મૂંઝવણમાં મૂકી દીધા હતા.

સ્વામી રામતીર્થનું કહેવું છે કે, ‘‘પ્રેમ સ્વરૂપ રહે ! એટલે તમારી મરજી પ્રમાણે બધાયે નિયમો બંધાશે અને કામ તમારી મરજી પ્રમાણે ચાલશે. હૃદયમંદિરમાં પ્રેમ દિપીકા બળની અને રાખો એટલે અશુદ્ધ કે અમંગળ કાંઈ જ તમારી પાસે આવી શકશે નહિ અને

સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થશે એ પવિત્ર પ્રેમને માટે એવો કયો ચમત્કાર છે કે જે અસંભવિત હોય ?''[૧૦]

ઈબ્સનનું તો એક આખું નાટક 'સમાજના સ્તંભો' આ વિષય ઉપર છે. જેઓએ પોતાના માનીતા નરનારીઓની નૈતિક દષ્ટિએ સુરેખ સોજજી પ્રતિમાઓ મનમાં પધરાવી હોય અને પછીથી સમય કાંઈક ઈદમ્ તૃતીયમ્ બહાર લઈ આવે ત્યારે એ પ્રતિમાઓને મઠારવા તૈયાર જ ન હોય તેમને માટે કોને સહાનુભૂતિ હોઈ શકે ?

ચાર દસકાઓ પછી પૂર્વરાગના આવેગમાં આવેશ પણે તણાવવાનું થાય છે એની તો ઉપર કહ્યું તેમ આ કથા છે પણ કેમ એવું બન્યું એનો ખુલાસો અને તેનું વાજબીપણું જોવાનું એટલું સરળ ન પણ હોય. લેખિકા સાચું જ કહે છે કે પોતાની કથામૂલક નવલકથા પ્રગટ થાય તો કદાચ મનોવિજ્ઞાનીઓ એનું કારણ ઉત્પત્તિ વગેરે બધુ નક્કી કરી શકશે. જે આ સોળમાં વરસે થયેલા પ્રથમ પ્રણયને એક 'કિસ્સા' (અફેર) તરીકે હજી ચલાવી તે તેઓને પણ એ પ્રણયમાં ચાર દસકા પછી ફરી લીન થવાની વૃત્તિને અને જૂના પ્રણયની મુલાકાત લેવાની જરૂરિયાતને નભાવી લેવામાં મુશ્કેલી પડે તો નવાઈ નહિ.

અહીં અતીતના પ્રણયપ્રસંગના સ્મરણરૂપે કહેવાતી અને અનુભવાતી કથા નવલકથાનું ઉદ્ભાવક પ્રેરક અને પોષક પરિબળ છે. અતીતના અનુભવોનું વર્તમાનકાળ સાથે અનુસંધાન સાધીને કથાને અંત સુધી વહેતી રાખી છે. કૃતિનો આરંભ ૧, સપ્ટેમ્બર ૧૯૭૨માં અમૃતાના જન્મદિવસની ઉજવણી નિમિતે યોજાયેલી પાર્ટી દ્વારા થાય છે. આજ દિવસે તેના બાળમિત્ર ગોપાલનો અમૃતા પર ફોન આવે છે. ''અમૃતા તને પુકિલડ યાદ છે? એ લોકોના દેશથી એક ભાઈ આવ્યા છે. તેના ઓળખીતા છે એ ભાઈ તને મળવા માગે છે.''[૧૨] અમૃતા સરગેઈને મળે છે. મિર્ચાએ લખેલ પુસ્તક વિશે વાત નીકળે છે અને તેમાં અમૃતા રાત્રે તેના ઓરડામાં જતી એવા નિરૂપાયેલા કાલ્પનિક અંશોથી અમૃતાનો આક્રોશ પ્રજ્જવલિત થઈ ઊઠે છે. અમૃતાનો શ્વાસ ચાલે છે. ૧૯૭૨માં જીવન જીવી રહી છે.

૧૯૩૦માં મિર્ચા સાથે કથાવસ્તુની સંકલનામાં લેખિકા બે સ્પષ્ટ પ્રવાહો પાડે છે. એક વેગભર્યા રસપ્રવાહ રૂપે ધસે છે. આમ, અમૃતાનો એક પગ અતીતમાં છે તો બીજો પગ વર્તમાનમાં છે. અતીત અને વર્તમાન અહીં એકબીજામાં ભળતા આગળ વધતા હોય તેવું નિરૂપણ લેખિકાની સર્જકપ્રતિભાનું દ્યોતક બને છે.

વિદ્વાન પિતાએ મુશ્કેલી ઊભી કરી તેજસ્વી ગોરા યુવકને ઘરમાં રાખતા પુત્રી સાથેના એના સંભવિત સંબંધનો વિચાર જ ન કર્યો. મિર્ચાના મનમાં તો એને એ રીતે રાખવા પાછળ મુરતિયા તરીકે પોતે સ્વીકાર્યો છે. એવો ભાવ એમણે ઊભો કર્યો અને બન્નેના પ્રેમસંબંધ જાણવા મળતા તત્કાલ તેનો નિષ્ઠુર વિચ્છેદ કર્યો. સાચું વાત્સલ્ય અમૃતાને રવીન્દ્રનાથ તરફથી મળ્યું છે. અમૃતાને ગોરા યુવક સાથે વાત કરતી જોયા પછી કવિએ એને કહ્યું હતું, તારી ઉંમર નાની છે મનને આટલું બધું કખોળીશ નહિ એ સ્વાસ્થ્ય માટે સારું નથી. મનને સ્વચ્છ નીતર્યા સરોવર જેવું સ્થિર રાખ મિર્ચાની વિદાય પછી એમના સાંત્વન શબ્દો છે.... દિવસે દિવસે વેદનાને સ્તરે લઈ જઈ કઠોરને લલિતમાં, ખટાશને માધુર્યમાં પરિપક્વ કરવા એનું જ નામ વિકાસ.... પોતાના પર શ્રદ્ધા રાખજે ચારેકોરથી પોતાને વિચ્છિન્ન કરી લઈને ગંભીર એકાન્તમાં પોતાને સ્થિર કરજે જ્યાં તારો મહિમા તારા ભાગ્યને પણ અતિક્રમી જાય....

બે–ત્રણ વરસ પછી મુરતિયો મળ્યો તેની સાથે રૂબરૂ જોયા વગર અમૃતા લગ્ન કરે છે. પિતાનો વિદ્યાર્થીની રમાએ માનો સંસાર બે સ્વાદ કરી મૂક્યો છે, એટલે એ ઘરમાંથી છૂટવાનો પણ ખ્યાલ છે. શાંતિનિકેતન જવાની સ્વતંત્રતા રહેશે એ પણ મનમાં છે. લગ્ન પછી કવિને મળવા ગઈ ત્યારે એમણે કહ્યું : ‘બીજું કોઈ આપણા હાથમાં નથી આપણે પોતે જ માત્ર આપણા હાથમાં છીએ... પરિસ્થિતિ ગમે તેવી હોય. ભાગ્ય ગમે તેવું હોય તારે તેમના કરતાં મોટા થવાનું છે. જાતે સુખી નહિ થાય અમૃતા જો તું ભાંગી પડી... તો હું માનીશ કે એ મારી જ હાર છે... જોતું એક સુંદર માળો રચી શકે જ્યાં તારા આનંદભર્યા

સંસારમાં સૌ કોઈ આનંદમાં રહેતા હોય તો હું વચન આપું છું કે હું તારા તે ઘરમાં આવીશ.''[૧૩]

અતીત અને સામ્પ્રત એકબીજાનું કેવું સંધાન સાધે છે. બેતાલીસ વર્ષ પૂર્વેની ઘટનાઓ પુનર્જીવિત થઈને સામ્પ્રતની સરહદને સ્પર્શીને તે જ પ્રકારની ઘટનાઓની સાથે કેવી ભળી જાય છે. તે થોડા દષ્ટાંતો જોતા ખ્યાલ આવશે બેતાલીસ વર્ષે મિર્ચાની ઓરડીમાં ફૂલ ફેંકીને ચાલી જતી વખતે પાછળથી મિર્ચાનો અવાજ સંભળાયો હતો. 'અમૃતા અમૃતા' આ બૂમના ભણકારા વાગે છે ત્યારે જ વર્તમાનમાં છોકરાની બૂમ સંભળાય છે. 'મા! મા! મા!' ૧૯૩૦માં મિર્ચા સાથે ડાઈનિંગ ટેબલ પર જમવા બેઠેલી અમૃતાને ટેબલ નીચેથી મિર્ચાના પગનો સ્પર્શ થાય છે. એ સ્પર્શનું સંવેદન ૧૯૭૨માં વૃદ્ધ થયેલી અમૃતા અનુભવે છે અને પોતાનો પગ પાછો ખેંચે છે. મિર્ચાએ એકવાર અમૃતાનો હાથ પકડેલો અને તે એક અંગ મટીને આખું વિશ્વ બની ગયો હતો. તેની સ્મૃતિએ વર્તમાનમાં ઓશીકું ભીંજાઈ જાય છે. એકવાર ૧૯૬૦માં રાત્રે મિર્ચા તેના રૂમમાં જઈ અમૃતાની લાગણીને ઉશ્કેરતા હતા. અમૃતાથી એ સહ્યું જતું ન હોતું ને અર્ધી રાત્રે બે વાગ્યે મિર્ચાની રૂમમાં જઈ તેને પિયાનો બંધ કરવાનું કહેવા તૈયાર થાય છે ત્યારે પાડોશીની દુખિયારી છોકરી શાંતિ તેને રોકે છે. ન રોકાતા સોટો ઉગામે છે. ૧૯૭૩માં એ ઘટનાની સ્મૃતિને સંવેદનરૂપે અનુભવતી અમૃતા પોતાના ખાટલામાંથી ઉતરવા જાય છે અને તેનો પતિ તેનો હાથ પકડીને કહે છે : ''કયાં જાય છે?', ''નીચે ...'', ''...નીચે કયાં જવાની રાતના બે વાગ્યાં છે?''[૧૪] હાથ છોડાવી લેવા જતી અમૃતાને ૧૯૩૦ની શાંતિ નહીં પણ ૧૯૭૩ના પોતાના સ્વામી દેખાઈ છે. આમ આ સ્વાનુભવો અને અતીતના પ્રણયપ્રસંગોને અદ્‌ભુત કલાશક્તિથી લેખિકાએ નિરૂપીને કૃતિને એક રસકીય પરિમાણ બક્ષ્યું છે.

આ સમયથી દૂર–દૂર ચાલ્યા જવાની એક અસ્પષ્ટ આકાંક્ષા અમૃતાના હૃદયમાં સળવળ્યા કરે છે. સ્ત્રીઓ આગળ અને તે પણ પોતાના સમાજની સરખેસરખી

બહેનપણીઓ આગળ ઉઘાડા પડ્યા અંગેની પણ એ કદાચ હોય વરસ પછી જન્મદિવસના પ્રભાતે કયાંયથી ટપકી પડેલા સરગેઈને મા એ મિર્ચાએ ચોપડીમાં જૂઠ લખ્યાનો એટલો ઉત્પાત અમૃતાના આંતરજીવનમાં થાય છે. એની સમગ્ર હસ્તી એ જૂઠનો પ્રતિકાર કરી રહે છે અને એ જ પ્રક્રિયા એની સમગ્ર ચેતનાને ૧૯૩૦નાં અનુભવમાં ડુબાડી દેનારો નીવડે છે. હૃદયભાવની ઉભય મુખતાનો પ્રભાવ કામ કરી જાય છે. નિગ્રહનું ચાલતું નથી.

અતીતના આ સ્મરણોને પુનઃસંવેદન ૧૯૩૦માં જીવતી અમૃતા કૃતિના ત્રણસોમાં પૃષ્ઠ પછી વર્તમાન સાથે અનુસંધાન સાધે છે. એક–એક પ્રસંગનું સંકલન કલાત્મકતાની ગવાહી પૂરે છે. મિર્ચાની વિદાયનો પ્રસંગ ખોકા દ્વારા અપાયેલ પુસ્તક ગ્લોબ થિયેટરમાં રશિયન દંપતીનાં જાદુના ખેલ ટાગોર અને જાદુગરની મુલાકાતનો પ્રસંગ મિર્ચા સાથેનો વિકસતો પ્રેમ સાહિત્ય પરિષદમાં અમૃતાને થયેલો અનુભવ શાંતિની જીવનકથા મદ્યપાનથી ભાન ભૂલેલા પ્રાધ્યાપક જોક ટાગાર્ટનો હાસ્યપ્રેરક પ્રસંગ, ઉમાશંકરના મૃત્યુનો પ્રસંગ, ટાગોરનું અમૃતાના ઘરમાં આગમન, ટાગોરકરનો પત્ર, માતાના સંસારમાં રમા નામની સ્ત્રીનું આગમન, અમૃતાના લગ્ન, અમૃતાનું દામ્પત્યજીવન, અમૃતાનો યુરોપ પ્રવાસ અને મિર્ચાની મુલાકાત વગેરે પ્રસંગો નવલકથામાં કલાત્મક રીતે સંકલિત થઈને કૃતિને એક કલાકૃતિ બનાવે છે.

આ આખીય કથા અમૃતા પોતે જ કહેતી હોય એ રીતે નિરૂપાઈ છે. એમાં અમૃતા પોતે પોતાની આત્મકથા કહેતી જણાઈ છે પણ વાર્તારૂપે સંવેદનાત્મક અનુભૂતિરૂપે તેથી આ કૃતિ આત્મકથા નહીં નવલકથા બને છે. ચાર પરિમાણમાં વિકસતી આ કૃતિના સન્દર્ભે ઉમાશંકર જોશીએ તેની કલાત્મકતાના સન્દર્ભે નોંધ્યું છે : ‘‘આ કથાના ત્રણ પરિમાણ ચોખ્ખા જોઈ શકાય છે. એક તો ૧૯૩૦ની સીધી સાદી રોમાંચક પ્રણયકથાનું, બીજું બેતાળીસ વરસ પછી એ બધાને ફરી જીવતી અમૃતાની કથાનું, ત્રીજું એ બન્નેની પારસ્પરિક ક્રિયામાંથી પ્રગટતા પ્રેમ આત્માનો અમૃતઅંશ છે. એવા પરભવની વાતનું કલાનું ચોથું

પરિમાણ ઉમેરતા આ બધુ જ કાલમાંથી કાલાતીતમાં ઊંચકાય છે. કૃતિ અનેક પરિણામી હોઈ એક બીજાની રહસ્યમય સુન્દરતા ધારણ કરે છે.''[૧૪]

આત્મકથાનું વસ્તુ નવલકથા રૂપે અને તે પણ વિશિષ્ટ રૂપ રચનામાં રજૂ થાય છે. ત્યારે નવાં કલાત્મક પરિમાણો ધારણ કરે છે. નવાં રહસ્યનું સૌન્દર્ય પ્રગટાવે છે. આ માટે લેખિકાએ જે રચનારીતિ પસંદ કરી છે તેની અદ્‌ભુતતા વિશે રઘુવીર ચૌધરી નોંધે છે : ''ક્રમિક કથન (નેરેશન)ને બદલે સ્મૃતિસંચારી ચૈતસિક સમયને અનુકૂળ રચનારીતિ પસંદ કરીને વિવિધ અનુભવો અને વિવિધ પાત્રોને એક સૌન્દર્યભુવમાં કેન્દ્રિત કર્યા છે.''[૧૫]

૧૯૭૨–૧૯૭૩ની અમૃતા ૧૯૩૦ની ઘટનાઓને પોતાની નાડીઓ ઉપર ફરી અનુભવે છે. આવેશપણે પણ મિર્ચાને મળી લેવા વિચારે છે ને પ્રયાસ કરે છે, સંકલ્પપૂર્વક આ બન્ને કારણે એના વ્યક્તિત્વની એકાત્મકતા નંદવાય છે એવું લાગતું નથી. કારણ કે, સત્યની ખોજના આશ્રય વિશે સંદેહ ઉઠવા પામતો નથી.

'આ મારું જીવનચરિત્ર નથી' – આ બેચારા જીવનનો માત્ર એક અંશ છે. એમા નાયક મિર્ચા છે, એ વાત ખૂબ સાચી છે પણ તે ૧૯૩૦નો ત્રેવીસ વરસનો મિર્ચા પાછળના પ્રસિદ્ધ વિદ્વાન પ્રોફેસર પુકિડલ સાથે કથામાં સંધાન થવા પામતું નથી. પેલા અંશ પૂરતી નાયિકા સોળ વરસની અમૃતા છે. પણ આરંભમાં કહ્યું છે તેમ આ 'ન હન્યતે' કૃતિ માત્ર ૧૯૩૦ના બે પ્રણયીઓની કથની નથી. ૧૯૭૨–૭૩માં એ પ્રણયની અમૃતાને નથી. પુનર્‌–અનુભૂતિની કથા છે. પ્રેમની નહિ પ્રેમના સ્વરૂપ (નેયમ ઓવ લવ) પ્રેમ એ આત્માનો અમૃત અંશ છે, એવી પ્રતીતિની કથા છે અને નાયિકા છે અઠ્ઠાવન–સાઠ વરસની અમૃતા. નાયક કહેવો હોય તો કહો – સત્ય છે. 'મિર્ચા તો નિમિત્ત માત્ર છે, બીજું કોઈ મારા આખા મનને પલટી નાખે છે... તે કદી મારે પૂર્વ પરિચય અર્થ વિસ્મૃત એક માણસમાત્ર હોઈ ન શકે.

પ્રસ્તુત નવલકથામાં નિરૂપાયેલા પાત્રો અને લેખિકાએ પાત્રોના આંતરબાહ્ય વ્યક્તિત્વોને ઉપસાવવા અજમાયેલી નિરૂપણરીતિ પણ ધ્યાનાર્હ છે. નવલકથામાં નાયિકા તરીકે અમૃતા છે અને નાયક તરીકે મિર્ચા પુકિલડ છે. લેખિકાએ અમૃતાની આંતરબાહ્ય પરિસ્થિતિને નિરૂપીને જે રીતે તેની મથામણને વિશિષ્ટ ભાવપરિસ્થિતિને કારણે ઉદ્‌ભવતા અને ક્ષમી જતા વિવિધ ભાવસંવેદનોને અહીં નિરૂપ્યાં છે. તેમાંથી અમૃતાનું પાત્ર ઊપસી આવે છે. એકબાજુ તે મિર્ચા પ્રત્યે તિરસ્કાર વ્યક્ત કરે છે તો બીજી બાજુ તેના હૃદયનાં ઊંડા ખૂણામાં મિર્ચા પ્રત્યેનો પ્રેમ અંકિત થઈને પડ્યો છે. એક કવિયત્રી તરીકે પણ અમૃતા પ્રસ્થાપિત થઈ છે. રવીન્દ્રનાથ સાથેની મુલાકાતે તેમની ગડમથલોને શાંત કરી હતી. પતિ સાથેનો તેમનો વ્યવહાર પણ શિષ્ટ અને સંસ્કારી ભારતીય સ્ત્રીને શોભે તેવો દેખાય છે. અમૃતા સાથે સંદેહે અને સ્મૃતિરૂપે સાદ્યન્ત બેતાલીસ વર્ષ રહેલો મિર્ચા પુકિલડનું યુવાન તથા વૃદ્ધકાળનું વ્યક્તિત્વ પણ અહીં સરસ રીતે તાદશ થયેલું નિહાળી શકાય છે. અમૃતા પ્રત્યેનો તેમને પ્રેમ પણ સ્થૂળતામાંથી સૂક્ષ્મતા પ્રતિ ગતિ કરીને આકાશગંગામાં મળાવવાની ઝંખના વ્યક્ત કરે તે અનુભવાય છે.

નવલકથામાં ગૌણ વ્યક્તિચિત્રો પણ ધ્યાન ખેંચે છે. લેખિકાએ પ્રત્યેક વ્યક્તિચિત્રની કોઈને કોઈ વ્યક્તિરેખા ઉપસાવીને તેને જીવન્ત કરવાનો પ્રયાસ કર્યો છે. મિર્ચા સાથે સમ્બન્ધના રાખવાનો હુકમ કરીને પોતાનો ચુસ્ત અને કડક સ્વભાવ વ્યંજિત કરવા અમૃતાના પિતા નવીનબાબુ મોટી ઉંમરે પણ રમા નામની સ્ત્રી સાથે જોડાઈને તેની પ્રથમ પત્ની (અમૃતાની માતા) ને પરોક્ષ રીતે વ્યથિત કરે છે. દર્શનશાસ્ત્રના ઊંડા અભ્યાસી અને અધ્યાપક તરીકે તેમનું વ્યક્તિત્વ પણ ઊપસી આવ્યું છે. આ પાત્ર ઉપરાંત અમૃતાનું પોતાનું ઉદાત્ત અને પ્રેમસભર એક વ્યક્તિત્વ ધ્યાનાર્હ બની જાય છે. અમૃતાની હૃદયવેદનાને પામીને તેમને પૂરેપૂરી સ્વતંત્રતા તેઓ બક્ષે છે. પરંતુ તે સાથે તેના બેતાલીસ વર્ષ પૂર્વેના પ્રિયજન મિર્ચાને મળવાની ગોઠવણ પણ કરી આપે છે. પતિ તરીકેનું તેમનું વ્યક્તિત્વ વિશિષ્ટ અને નોંધપાત્ર બન્યું છે. ખોકાની બહેન શાંતિ, ખોકો, સાવિત્રી જેવા પાત્રો પણ

તેમની વ્યક્તિરેખાને ઉપસાવી શકે એ પ્રકારની ભૂમિકા ભજવતા જોવા મળે છે. અહીં રવીન્દ્રનાથનું પાત્ર વિશેષ ધ્યાન ખેંચે છે. અમૃતા તેમના કાવ્યો અને વ્યક્તિત્વથી પ્રભાવિત થઈ છે. નવલકથામાં સાદ્યન્ત તેમનું સામ્રાજ્ય પ્રવર્તતું હોય તેવું લાગે છે. પ્રણયની નિષ્ફળતા પછી અમૃતાને ટાગોર જ આશ્વાસન આપીને શેષ સંસારને સુખદ–આનંદપ્રદ બનાવવા સમજાવે છે. ટાગોર ઉપરાંત ઐતિહાસિક પાત્ર તરીકે ઉદયશંકર રામાનંદ ચટ્ટોપાધ્યાય જેવા ઉલ્લેખનીય પાત્રોની પણ અહીં વ્યક્તિરેખા ઊપસી આવી છે. આ સાથે મિર્ચાના પુસ્તક વિશે માહિતી આપવા આવેલ સરગેઈનું વિનયી અને શાંત–સાલસ વ્યક્તિત્વ પ્રાચીન રૂઢિઓમાં અંધશ્રદ્ધામાં દૂતાદૂતમાં માનતા અમૃતાના દાદીમાનું વ્યક્તિત્વ અમૃતાના ઘરમાં વર્ષોથી કામ કરતી ગરીબ ઘરડી નોકરાણી ચંપા ફોઈ, અમૃતાના બાળમિત્ર ગોપાલ જેવા ગૌણ પાત્રોની વ્યક્તિત્વ રેખાઓ પણ ઊપસી આવી છે. આ રીતે અહીં નિરૂપાયેલાં નાનાં–મોટાં બધા જ પાત્રો અમૃતાની દષ્ટિએ જોવાયેલા–આલેખાયેલા છે છતાં પ્રત્યેકનું ચરિત્ર સંતોષકારક રીતે ઉઘાડ પામી શકયું છે.

'ન હન્યતે'નું એક નોંધપાત્ર લક્ષણ હોય તો તેમાં અનુભવાતું કાવ્યાત્મક ગદ્ય છે. અહીં નિરૂપાયેલા સંવાદો અને વર્ણનોમાં આ કાવ્યાત્મક અંશ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. રવીન્દ્રનાથ ટાગોર સાથેના સમ્પર્ક સંવાદમાં પણ આ કાવ્યાત્મક ગદ્યનો અનુભવ થયા વિના રહેતો નથી. રવીન્દ્રનાથ ટાગોરની કાવ્યપંક્તિઓ અને અમૃતાની ભાવપરિસ્થિતિને વ્યંજિત કરવાનો કલાત્મક પ્રયાસ કર્યો છે. કવિએ અમૃતાને વાત્સલ્યપૂર્વક સમગ્ર અસ્તિત્વનાં પરિપ્રેક્ષ્યમાં જીવન સાફલ્યની ચાવી બતાવી અને ઊર્ધ્વીકરણની પ્રત્યક્ષ કામગીરી ચીંધી રવીન્દ્રનાથનું આ કથામાં આવડું મોટું સ્થાન એક મંગળમૂર્તિ તરીકેનું છે. એટલે જ અમૃતાના પતિની ઓળખ મંગળમૂર્તિ તરીકે આપવાનું કદાચ ચૂકી જવાય અમૃતા સદ્ભાગી હોય તો તે એના પતિની બાબતમાં અરણ્યવાસમાં અમારી વચ્ચે પ્રેમ થઈ ગયો હતો એમ એનું મન સાક્ષી પૂરે છે. પરદેશી છોકરાની વાત પતિને એણે કરેલી છે અને વરસો પછી પેરિસમાં એને લંડન મળવા આવવા માટે લખેલી ચિટ્ઠી પણ એમના હાથમાં

સહજભાવે મૂકી છે. રવીન્દ્રનાથજી અનુપસ્થિતિમાં જે વિષમ કસોટીમાં અમૃતા મુકાઈ તેમાંથી એનું પાર ઉતરવું એના નોખી માટીના બનેલા પતિની નર્યા સદ્‌ભાવથી ભરેલી સ્નેહાળ માવજત વગર કલ્પવું મુશ્કેલ છે.

મિર્ચાની સ્મૃતિ બેતાલીસ વરસમાં અવારનવાર થાય એવા પ્રસંગો આવતા રહ્યા છે. પણ આપણા દુહામાં કહે છે તેમ 'સૂરત ભૂલી સાયબા' એનો ચહેરો પણ અત્યારે તો યાદ આવતો નથી જે સાંભળવા મળે છે તે કયારેક બહુ ગમે એવું પણ હોતું નથી. અમૃતાના સ્વમાનને પહેલીવાર ડંખ લાગે છે. વડીલ સત્યને બાબુએ મિર્ચાની ચોપડી વાંચીને હું સમજી શકયો કે તમને રવિ ઠાકુર ઉપર પ્રેમ હતો એમ એને કહ્યું ત્યારે મિર્ચા અમૃતાના રસવિશ્વને કાવ્યલોકને સમજી જ ન શકતો પોતાના વિશેની કોણ જાણે કેવીય ચોપડી હશે એ જાણ્યું તો પણ મનમાં હજી કોઈ વિક્ષોભ થયો નથી. બારેક વર્ષ પછી બાંગ્લાદેશના પ્રશ્નમાં સૌ ગૂંથાયા છે ને સુખી સખીઓ એકવાર હળવાશથી વાતો કરે છે. તેમાં પાર્વતીએ અમૃતાદીના પરદેશી પ્રશસંકની વાત છેડી અમૃતાને જાણે પાલવ સળવળ્યો હો ! તેવું લાગ્યું આ સમયથી દૂર–દૂર ચાલ્યા જવાની એક અસ્પષ્ટ આકાંક્ષા અમૃતાના હૃદયમાં સળવ્યા કરે છે. સ્ત્રીઓ આગળ અને તે પણ પોતાના સમાજની સરખેસરખી બહેનપણીઓ આગળ ઉઘાડા પડયા અંગેની બેચેની ઘટનાઓને પોતાની નાડીઓ ઉપર ફરી અનુભવે છે. અવશ્યપણે મિર્ચાને મળી લેવા વિચારે છે અને સંકલ્પપૂર્વક પ્રયાસ કરે છે.

અમૃતા મિર્ચાને જ્યારે કહે છે કે પોતે સિમ્બોલ નથી કે નથી મિથ, નથી બિએટ્રિસની જેમ કોઈ પરલોકનું સત્ત્વ ત્યારે પળવાર યુરોપીય લોકો પર જે 'ઉપયોગિતાવાદ' નો આક્ષેપ પોતે મૂકતી હોય છે, તેનો તે ત્યાગ કરતી નથી ? કદાચ પથ પ્રદર્શિત હૂંફથી સૌન્દર્ય લોક બની રહે છે. મરવું પડે છે એનો અર્થ એ કે સિમ્બોલ બનવું પડે છે. આ બધી વસ્તુઓ સાક્ષાત્ દેખાય છે તેના કરતા પ્રતીકની સત્તા ઓછી માનવાનું કારણ નથી.

આત્મચરિત્રના અંશનું અંતભાગ ઉપર કંઈક ભારણ આવી જાય છે પણ બાકીની આખી મુખ્ય કથામાં આત્મકથન ગૌણ બની ગયું છે અને એક વિશિષ્ટ અનુભૂતિ જ આગળ ઊપસી રહે છે. અમૃતા નીકળી હતી મિર્ચાની ચોપડીમાં સત્યની સેળભેળ છે. ચોપડીમાં ભારોભાર જૂઠ છે. 'એણે મારા મોઢામાં એવા બધા શબ્દો મૂક્યા છે જે હું બોલી ન શકું જે મારી ભાષા જ નથી. એ એને પોતાને પ્રત્યક્ષ પૂછે છે તેમ 'મારું એને કેવું ચરિત્ર ચિતર્યું છે ?' તે બધાનો પ્રતિકાર કરવા મિત્રો પણ મિર્ચાના પુસ્તકની પૂર્તિ કરવાની જરૂરિયાત સૂચવે છે. જૂઠના ઉકરડા વડે સત્યનું મોં ઢંકાયેલું હોય છે તેને જ તો અનાવૃત્ત કરવું પડશે. એટલા માટે જ આ કલમ પકડી છે પણ અમૃતા ખરેખર કરી બેસે છે કંઈક બીજું જ વ્યવહારિક આશ્રય ધીમે–ધીમે અલોપ થઈ જાય છે. મિર્ચા તેને શું 'નવસ્ત્રી' કહેતો હતો ? પોતે જ પોતાના એક પછી એક ભય સન્માન સંસ્કારના આવરણ દૂર કરીને ખડો રહે છે. હિંમતપૂર્વક, શ્રદ્ધાપૂર્વક, નમ્રતાપૂર્વક પોતાની સામે સારી માનવજાતિ સામે અને જીવનની મરમ ઉપલબ્ધિ થાય છે. મિર્ચાની અસત્ય રજૂઆતની વાત સાંભળીને એકાએક યાતના ભભૂકી ઊઠી પણ એને એમાંથી અનુભૂતિ તો સત્યના સ્વીકાર દ્વારા આત્માના અમૃત એવા પ્રેમ અંશની થઈ. આજ તો અનાવરણ છે.

સોળ વર્ષની મુગ્ધ વયે પ્રેમની આ કથા મૈત્રેયીદેવી સાઠ પર પહોંચીને લખે છે. પ્રથમ પ્રણયના એ વર્ષોને મૈત્રેયી–અમૃતા ફરીથી મનોમન જીવે છે. અતીત વર્તમાન બની જાય છે. અમૃતા વર્તમાનને ભૂલી જાય છે. પોતાના ભર્યા–ભર્યા સંસારને ઘરને ભૂલી જાય છે, પતિને ભૂલી જાય છે, પુત્ર–પુત્રવધુઓને ભૂલી જાય છે.... યાદ છે, ફકત એ અતીત હવે એ અતીત નથી રહ્યો. પ્રથમ અનુરાગના એ મીઠા સ્મરણો વર્તમાન બની જાય છે. આઠ મહિના સુધી અમૃતા એ પ્રેમસમાધિમાં રહે છે ને 'ન હન્યતે' અવતાર પામે છે.

આ નવલકથાના રહસ્યમય આકર્ષણનું મુખ્ય કારણ એના ત્રણે પરિમાણો એકમેકના પ્રકાશમાં અને કયારેક એક સાથે અજવાળાય છે. આ કથાનો સાર આપવા જતા એ મુશ્કેલી સમજાશે કે એક પરિમાણનો જ નિર્દેશ થાય તો બીજા પરિમાણોના સંદર્ભની ગેરહાજરીમાં

એ અપૂરતો અથવા ગેરરસ્તે દોરવનારો નીવડે છે. કેટલીક તો રાગદ્વેષથી રંગાયેલી વિગતોનું નાજુક સંતુલન થયું છે કે કથામાં એ વિગતો જે રૂપે મુકાઈ છે તેથી અન્ય કોઈ રીતે કહેવા જતા એમાં ખલેલ પહોંચે પિતા –માતા, રમા, પતિ બધા અંગેના સારા–નરસા બધા જ નિર્દેશોના સંદર્ભમાં અમૃતાના હૃદયમાં પડેલી તેની છબીનું યથાર્થ રૂપ મળવું શક્ય છે. મિર્ચા અંગે અણગમો, ઉપેક્ષા, ધૃણા એ બધા ભાવોની સામે અને ઘણી વારતા સાથે એથી વિરુદ્ધના ભાવો પણ પ્રબળરૂપે પ્રગટે છે તેઓ સ્વીકારે છે અને આલેખે છે. પોતાની નિર્બળતા છતી થઈ જાય તેને ભોગે પણ તારુણ્યમાં પાવિત્ર્ય જળવાયુ હોય તો સારું એવા સતત આક્રોશપૂર્વક પણ મિર્ચાને જવું પડ્યું તે પછી અમૃતાએ ખોકા દ્વારા કાગળ જોડે પોતાની કવિતાની ચોપડી મોકલી તેમાં લખ્યું હતું કે મેં માને કહ્યું છે કે તેમને માત્ર મારા કપાળ પર જ ચુંબન કર્યું છે એટલે કે જીવનની બનેલી હકીકત અંગે તેમણે અસત્ય લખ્યું હતું.

સુમિતાને ભારતીય નારીનું ગૌરવ ખંડિત ન થાય તે જોવા એ લખે છે પણ પોતાની આગળ કબૂલ કરે છે કે મન તો જુદી જ વાત કહેતું હતું. એકવાર તો કવિ વિશે એનાથી લખાઈ જાય છે કે આ અનુભૂતિ એટલી પ્રબળ છે કે તમારા રવીન્દ્રનાથ ઠાકુર સુદ્ધા તણાઈ જાય છે ત્યારે સુમિતાબહેનને સામેથી યાદ આવે છે ! પરંતુ તમારા અંતરની અંદર બેસીને જેઓ સત્યનો સ્વીકાર કરવાનો આદેશ આપે છે. તે શું રવીન્દ્રનાથ ઠાકુર નથી ? અને અમૃતા આ ટકોરની નોંધ લે છે. ભીતર ઊઠતા વિરોધી સૂરને અમૃતાએ દબાવી દીધા નથી પણ પ્રબળતાપૂર્વક તેમનું સંતુલન સિદ્ધ કર્યું છે. સોળમાં વરસની પ્રેમની વાત લગભગ સાઠે પહોંચેલી વ્યક્તિને થતા પુનર અનુભવરૂપે પ્રત્યક્ષ કરાવાય છે. એથી આ કથામાં એક સાથે તાજગી અને પ્રૌઢી બની આવ્યાં છે. એક જાતની ઉષ્મા ધબકતી અને સાથે–સાથે પ્રગલ્ભતા એમાં વર્તાય છે.

પ્રણયકથા એ જ આકૃતિનું આગવું આકર્ષણ નથી. સમગ્ર કથાની નિરૂપણ શૈલી અને ભાષાશૈલીથી આ કૃતિ પ્રણય અને એના ઊર્ધ્વીકરણની અનોખી દાસ્તાન બને છે. એક તો

આ પ્રણયકથા સત્યઘટનાત્મક છે. પોતાની જ પ્રણયકથા આપણે ત્યાં આલેખનાર એક બીજી નારી અમૃતા પ્રીતમનું પણ અહીં સ્મરણ થાય એમની આત્મકથા 'રસીદી ટિકટ' એમની પ્રણયકથા પણ છે. મરાઠીમાં અભિનેત્રી સ્નેહપ્રભા પ્રધાને પણ પોતાની આત્મકથામાં ડૉ. શિરોડકર સાથેના પોતાના પ્રેમસંબંધનું આલેખન કર્યું છે. તેમજ કમલાદાસે અંગ્રેજીમાં પણ તેમાં અમૃતા પ્રીતમ કે મૈત્રેયીદેવી જેટલી નિખાલસભર જણાતી નથી કે સરવાઈનો રણકાર સંભળાતો નથી. 'ન હન્યતે'ની અમૃતા અને અમૃતા પ્રીતમ બન્નેમાં જૂઠના પ્રતીકારનો નિર્ધાર દેખાય છે. 'ન હન્યતે'ની ત્રીજીને સૌથી મહત્ત્વની વિશેષતા એ છે કે, એમાં લેખિકા પોતાના આલેખનને વર્તમાનમાં ફરી જીવંત કરે છે. અતીતમાં એ એવી તો ખોવાઈ જાય છે કે અતીત જ ફરી વર્તમાન બની જાય છે. સામે વર્ષે એનામાં સોળ વર્ષની મુગ્ધાનો પ્રવેશ થાય છે તે કાળભેદ ભૂંસાઈ જાય છે.

## ❖ 'વિરાજવહુ' : શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય :

એક રોમાંચક અને કરુણાંત નવલકથાના નાયક જેવું જીવન જીવી ગયેલા નવલસમ્રાટ શરદચંદ્ર ચટ્ટોપાધ્યાયનો જન્મ બંગાળના હુગલી જિલ્લાના દેવાનંદપુર ગામમાં ઈ.સ.૧૮૭૬માં એક મધ્યમ વર્ગીય બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. સાત ભાડુંઓમાં શરદબાબુ બીજા હતા. એમના પિતા મોતિલાલને વાર્તા–નવલકથા લખવાનો ખૂબ શોખ હતો અને કેવળ મોજ ખાતર જ તેઓ લખતા. એમની કલાનો આદર્શ એટલો ઊંચો હતો કે તેઓ થોડું લખીને પણ જો મનપસંદ ન પડે તો એ અધુરું મૂકીને બીજું લખવા બેસતા પિતાની અપૂર્ણ વાર્તાઓ વાંચીને કિશોરવયના શરદબાબુ મુગ્ધ થઈ જતા અને એ અધૂરી વાર્તાઓનો કેવી અને કેટલી રીતે અંત લાવી શકાય તેની અનેક જાતની કલ્પનાઓ દોડાવતા આમાંથી શરદચંદ્રને સાહિત્ય લખવાની પ્રેરણા મળી. પિતાશ્રી જોડે નજીવી બાબતમાં મતભેદ થતા તેઓ ઘર છોડીને ચાલ્યા ગયા હતા અને અનેક વર્ષો સુધી સન્યાસીનો વેશ લઈ ખૂબ ફર્યા હતા. આમાં જ એમને સામાજિક જીવનનો પ્રત્યક્ષ અનુભવ થયો તેની જ ઘેરી છાયા એમના

ચરિત્ર ચિત્રણોમાં છે અને અનેક અનુભવોની વિવિધતા છે તેથી તેઓ ખૂબ લખી શકયા. શરદબાબુનું જીવન એટલે જિંદગીના તડકા છાયાની સંતાકૂકડી ઈ.સ.૧૯૩૮માં જાન્યુઆરીમાં કેન્સરના રોગથી એમનો જીવનદીપ બુઝાયો ત્યારે એમની અંતિમ અભિલાષા આટલી જ હતી કે, 'મારા દેશમાં મારી ભાષામાં એવા મહાન સાહિત્યનો જન્મ થજો, જેની તુલનામાં મારા લખાણો તુચ્છ લાગે !' દેવદાસ, વિપ્રદાસ, શ્રીકાંત, ગૃહદાહ ઉત્તમ સાહિત્યનાં તેજસ્વી તારલા છે. ભારતીય સાહિત્યના નભમંડળમાં તેઓ સદાય ચમકતા રહેશે તેનું સ્થાન ચિરંજીવ છે.

શરદબાબનુની નવલકથાકલાથી ભારતીય સાહિત્ય ધન્ય બન્યું છે, તેમ તેનાથી પ્રભાવિત પણ થયું છે. માનવમાં અંતિમ ગૌરવને તેમણે વિશુદ્ધપણે પ્રગટ કર્યું છે અને તે સાથે નિરવ્યાજ પ્રાસાદિક શૈલી દ્વારા વિશાળ લોક સમુદાય સુધી પોતાની કલાને પહોંચાડી છે. તેમની નવલકથામાંથી સ્ફૂરતું ભાવસૌંદર્ય અને આ કૃત્રિમ જીવનચરિત્ર દેશભરમાં સ્થળ–સમયનાં બંધનો વટાવીને આકાર પામતું રહ્યું છે. શરદબાબુની નવલકથામાં પ્રતિભાનું એવું આંતર તેજ પ્રગટે છે. જેનું આકર્ષણ દાયકાઓ વીત્યા પછી પણ ઓછું થતું નથી. 'વિરાજવહુ' એ શરદબાબુની એક વિરલ કૃતિ છે. 'વિરાજ' એ શરદબાબુની પાત્ર નિર્માણ કલાનો એક ઉત્તમ નમૂનો ગણાય છે. આદિથી અંત સુધી ઘડીએ ને પળે વાચકને થાય છે કે આ બાઈનું દુઃખ જરા ઓછું થાય તો સારું !

આ નવલકથામાં આપણને નારી વિશેની શરદબાબુની ઉચ્ચ ભાવનાનું દર્શન થાય છે. વિરાજ અને નીલામ્બર વચ્ચે આવો ગાઢ સ્નેહ હોવા છતાં એમનામાં પાશવિક વાસનાઓને કયાંય સ્થાન નથી. એવું લાગે છે જાણે એમાં સ્નેહથી નિર્મળ મંદાકિની વહી રહી છે ! વિરાજ દ્વારા નારીનું એક ભવ્ય વ્યક્તિત્વ શરદબાબુ પ્રગટ કરે છે. ઓછા બોલો, ભલોને સરલ નીલામ્બર પારકાનું દુઃખ જોઈ સદા વ્યગ્ર રહે છે. આવો પરોપકારી જીવ પણ ન રાખો. બનતા ભાન ભૂલી જાય છે અને ન બોલવાનું બોલી વિરાજના માથા પર છૂટો ડાબરો મારે છે ! નશો કેવી ભયંકર ચીજ છે. વિરાજની પતિભક્તિ કોઈ અદ્‌ભુત ચીજ છે.

એ કહે છે : સતી સાવિત્રી કરતાં હું શું કમ છું ? એનો આ ગર્વ એના દઢ ચારિત્ર્યને લીધે છે પરંતુ એની આ અલ્પાધિક પતિભક્તિને લીધે જ એ થઈ જાય છે. એના ચરિત્ર પર એના પતિએ વહેમ બતાવ્યો એના આઘાતથી જ એ એકદમ પાગલ બની ગઈ છે અને ક્ષણિક આવેશમાં ભાન ભૂલી રાજેન્દ્રની સાથે ચાલી ગઈ પરંતુ ભાનમાં આવતા જ તેને પોતાની ભૂલ દેખાઈ અને પોતાના ચરિત્રની રક્ષા માટે એ નદીમાં કૂદી પડી એના સતીત્વના તેજથી રાજેન્દ્ર જેવો દુરાચારી પણ એની સામે ઊંચી આંખ કરી જોઈ શક્યો નહિ અને ફરી આ ધંધો નહિ કરું કહી ઘરમાં ભરાઈ ગયો. વિરાજના ચરિત્રની આ દુર્બળતા અસ્વભાવિક નથી લાગતી ગાઢ પ્રેમમાં જરા પણ શંકા મહાન અનર્થનું કારણ બની જાય છે. એ વાત મનોવૈજ્ઞાનિકોથી અજાણ નથી.

વિરાજ અસાધારણ રૂપવતી છે. સાથે સાથે સાંસારિક પાપોથી એ એટલી બધી અપરિચિત છે કે, કુલટા સ્ત્રી કેવી હોય? તેવો એક દિવસ એ એના પતિને પ્રશ્ન કરે છે. એના આ એકનિષ્ઠ પ્રેમ પર એના પતિ નિલામ્બરને અગાધ વિશ્વાસ છે. વિરાજ જયારે પહેલીવાર રાજેન્દ્રની સાથે વાતચીત કરે છે. ત્યારે એ વિષે સાંભળીને નીલામ્બરને તેના પર લેશ માત્ર સંદેહ આવતો નથી. શીલ અને શ્રદ્ધાનો કેવો અપૂર્વ સંયોગ ! સ્વામી વિવેકાનંદ ભારતીય નારીનો આદર્શ બતાવતા કહે છે : "હે ભારત ! તું ભૂલી જઈશ. નહીં કે તારી નારીઓનો આદર્શ સીતા, સાવિત્રી અને દમયંતી છે. તું ભૂલી જઈશ નહીં કે તારા ઉપાસ્ય દેવ સર્વવ્યાપી ઉમાનાથ શંકર છે. તું ભૂલી જઈશ ન કે તારું લગ્ન, તારું ધન અને તારું જીવન ઈન્દ્રિય સુખ માટે – તારા વ્યક્તિગત સુખને માટે નથી. તું ભૂલી જઈશ નહીં કે તારો જન્મ માતાને કાજે બલિદાન આપવા માટે થયો છે. તું ભૂલી જઈશ નહીં કે તારો સમાજ એ વિરાટ મહામાયાની છાત્ર માત્ર છે."[૧૬]

'વિરાજવહુ' એક એવી ભારતીય નવલકથા છે કે તેમાં ભારતીય નારીના એક વરવારૂપને આપણી સમક્ષ રજૂ કર્યું છે. એક વિરાજ નવ વર્ષની ઉંમરે જ સાસરે આવે છે.

તેમનો પતિ એક એવા પ્રકારનો માણસ બતાવવામાં આવ્યો છે કે તેની પ્રકૃતિ કંઈક આ પ્રકારની છે, તેમના ઊંચા કદાવર ગોરા શરીરમાં અસાધારણ બળ હતું. ગામમાં પરોપકાર તરીકે તેની જેવી ખ્યાતિ હતી તેવી જ મૂરખ તરીકે પણ હતી. એ ગામમાં તે મડદા બાળવામાં, કીર્તન ગાવામાં, પખાજ વગાડવામાં અને ગાંજો પીવામાં નીલામ્બરને કોઈ જ ન પહોંચે વિરાજ સાસરે આવી ત્યારે તેની ઉંમર ૯ વર્ષની હતી. સૌ તેને વિરાજ કહીને બોલાવતા અત્યારે તેની ઉંમર ઓગણીસ વીસ વરસની હતી. સાસુના મૃત્યુ પછી તે ઘરનું કામ કરતી હતી. વિરાજ અસાધારણ રૂપવતી હતી, ચાર–પાંચ વરસ પહેલાં તેને એક દીકરો થયો હતો પણ તે સુવાવડમાં જ ગુજરી ગયો હતો તે પછી તેને કંઈ પણ સંતાન થયું નહોતું.

હરમિત નીલામ્બરની નાની બહેન હતી. નીલામ્બર બે હાથે જોરથી પકડી હરમિતને માથે ચુંબન કરે છે. મા–બાપ વિનાની આ નાની બહેન પર તેને અપાર વહાલ હતું. ત્રણ વરસની બાળકીને મોટી વહુ તથા દીકરાના હાથમાં મૂકીને તેમની વિધવામાતા સાત વર્ષ પહેલા સ્વર્ગે સિધાવી હતી તે દિવસથી નીલામ્બરે જ એને ઉછેરીને મોટી કરી હતી. નીલામ્બરે આખા ગામના દર્દીઓની સેવા કરી હતી. મડદા બાળ્યા હતા, કીર્તન ગાયા હતા, ગાંજો પીધો હતો, પણ માતાની છેલ્લી આજ્ઞાનું તેણે એક ક્ષણ પણ ઉલ્લંઘન કર્યું ન હોતું. આવી રીતે નીલામ્બરે તેની નાની બહેનને છાતી સરખી રાખીને ઉછેરી હતી. નીલામ્બર અને વિરાજ તેને લાડથી કીકી કહેતાં હતાં. કાકીના ગયા પછી વિરાજે પંખો નાખતા–નાખતા કહ્યું :

"સાસુ કહું છું – આટલી નાની ઉંમરમાં લગ્ન થાય એ ઠીક નથી." [૧૭]

નીલામ્બરે સામું પૂછ્યું :

"કેમ ઠીક નહિ ? હું તો કહું છું કે છોકરીઓને બહું નાની વયે જ પરણાવી દેવી સારી." [૧૮]

વિરાજ માથુ હલાવીને નીલામ્બરને કહે છે કે મારી વાત જુદી છે કારણ કે હું તમારા જેવાના હાથમાં આવી અને મારે કોઈ બીજી નણંદ પણ નથી. હું દસ વર્ષથી ઘરની કરતીહરતી હતી અને ગૃહિણી છું પરંતુ બીજા લોકોના ઘરમાં જોઉં છું તો એ નાનપણથી જ એવી મારફાડ ને કજિયો કંકાસ શરૂ થઈ જાય છે. છેવટે મોટી ઉંમરે પણ એ દોષ જતા નથી. કજિયો કંકાસ ચાલ્યાં જ કરે છે. એટલે તો હું મારી કીકીના લગ્નનું નામ લેતી નથી.

નીલામ્બરને તાવ આવે છે ત્યારે વિરાજ તેના માટે માનતા અને બાધાઓ રાખે છે. ત્યારે ભારતીય નારીના તેનામાં સુપેરે દર્શન થાય છે. એક સ્ત્રીને મન પતિ શું હોય છે તેની સાચી કિંમત વિરાજમાં જોવા મળે છે. એટલે જ વિરાજ નીલામ્બરને કહે છે કે : "એવું માનત ! હોતો ખાંડ ખાઓ હો ! બાઈ કહો કે મા–બાપ કહો પણ સ્ત્રીને મન પતિ કરતા કોઈ મોટું નથી. મા–બાપ જતાં દુઃખ બહુ થાય છે પણ પતિ જાય તો સર્વસ્વ જાય છે."[૧૯]

તે ચાર દિવસ સતત ખાધા–પિધા વગર ભૂખ્યા પેટે તેના સુહાગની રક્ષા માટે સતત ભગવાન પાસે પ્રાર્થના કર્યા કરે છે તેથી જ સ્વામી વિવેકાનંદ કહે છે કે : "આપણે ઈચ્છીએ છીએ કે ભારતની નારીઓને એવી કેળવણી આપવામાં આવે કે જેનાથી તેઓ નિર્ભય બનીને ભારત પ્રતિ પોતાનું કર્તવ્ય સારી રીતે બજાવી શકે અને સંઘમિત્રા, લીલા, અહલ્યાબાઈ, મીરાંબાઈ વગેરે ભારતની મહાન દેવીઓ દ્વારા ચાલતી આવેલી પરંપરાને આગળ વધારીને વીર સંતાનોની માતા બની શકે. ભારતની નારીઓ પવિત્રતા અને ત્યાગની મૂર્તિ છે. કારણકે, તેઓની પાસે બળ અને શક્તિ છે. જે સર્વ શક્તિમાન પરમાત્માના ચરણોમાં કરેલા સંપૂર્ણ આત્મ સમર્પણમાંથી પ્રાપ્ત થાય. મને તો દઢ વિશ્વાસ છે કે ધર્મ જ કેળવણીનો મેરું દંડ છે."[૨૦]

ભારતીય નારીમાં જપ, તપ અને વ્રતનો કેટલો મહિમા છે તે તમામ વસ્તુઓ અહીં વિરાજમાં શરદબાબુએ આલેખેલી છે. વિરાજ નીલામ્બર માટે ખાધા–પીધા વગર ચાર–દિવસ કાઢે છે. ત્યારે વિરાજ કહે છે કે : "કેવા છે આ પુરુષો ! ચાર દિવસ ને ચાર રાત

ખાધા વગર આંખની પાપણોય પાડ્યા વગર કાઢયા– તેનું હાથોહાથ આજે આ ઈનામ દેવા નીકળ્યા છે. ઘેર–ઘેર તાવ છે, ઘેર–ઘેર બળ્યા છે અને આવા માંદા શરીરે એ દરદીને જોવા નીકળ્યા છે ! ઠીક જાઓ મારે ભગવાન છે.''[૨૧] આમ કહી વિરાજ ઓશીકા પર ઊંધી પડીને તે સૂઈ ગઈ.

વિરાજના તમામ સૌન્દર્યમાં મોટું સૌંદર્ય હતું તેના મુખનું હાસ્ય અને તેનું રૂપ એક દિવસ તે બન્નેની વચ્ચે તેના રૂપને લઈને વાત થઈ ત્યારે વિરાજ બોલે છે. રૂપ–રૂપ–રૂપ સાંભળી મારા કાન પાકી ગયા. પરંતુ બીજાઓ બોલે છે તેમનું તો જાણે સમજમાં તેમની આંખે એ જ સૌથી વધારે દેખાય છે પરંતુ તમે તો મારા પતિ છો. ત્યારથી તમને વળગી રહીને આવડી મોટી થઈ હું તમે પણ શું આના કરતા વધારે મારામાં બીજું કંઈ દેખતા નથી ? આ રૂપ એ જ શું મારી સૌથી મોટી ચીજ છે ? તમે શું સમજીને આ શબ્દો મોમાંથી કાઢો છો ? હું શું રૂપનો વેપાર કરું છું કે તે રૂપ વડે તમને ભોળવી રાખવા માંગુ છું. આમ રૂપને લઈને વિરાજ અને નીલામ્બર ઘણો સમય એકબીજા સામે આવી તકરારો કર્યાં કરે છે.

વિરાજ અને નીલામ્બર બન્ને હવે એકલા થઈ ગયાં હતાં. તેની નાની બહેન હરમિત સાસરે સિધાવી હતી તેના પતિનો ભણવાનો તમામ ખર્ચ તેના સસરા નીલામ્બર પાસેથી મંગાવ્યા કરતા હતા. છેવટે તેમને તેની બહેન ખાતર પોતાનું ઘર અને મકાન ગિરવે મૂકવા પડ્યાં હતાં અને સમય જતા નીલામ્બર અને વિરાજની પરિસ્થિતિ ખૂબ જ કફોડી બની ગઈ હતી અને ઉપરા ઉપરી બે વર્ષ પણ નબળા ગયા હતા. જમીનમાં કશો જ પાક થયો ન હતો. છેવટે એક સમયે નીલામ્બરના ઘરમાં ખાવાના પણ સાંસા પડી ગયા હતા. આવી પરિસ્થિતિમાં નીલામ્બર અને વિરાજ વચ્ચે બહુ જ તકરાર ચાલ્યા કરે છે. એવામાં એક દિવસ રાત્રે વિરાજ નીલામ્બર માટે પોતાનાથી નીચા વર્ગની સ્ત્રી તુલસી પાસેથી થોડા ચોખા લઈ આવે છે અને તે વાતની નીલામ્બરને ખબર પડતા બન્ને વચ્ચે ખૂબ જ ઝગડો થાય છે અને નીલામ્બર વિરાજના માથા પર પાનનો ખાલી દાબડો હાથમાં લઈ જોરથી મારે છે ત્યારે

દાબડો તેના કપાળમાં વાગ્યો અને ખડિંગ–ખડિંગ કરતો તે ઊછળીને નીચે પડ્યો. જોત–જોતામાં આંખોના ખૂણાથી તે હોઠના ખૂણા સુધી વિરાજનું આખું મોં લોહીથી રંગાઈ ગયું. વિરાજ ડાબા હાથે કપાળ દાબી બૂમ પાડી ઊઠી અને બોલે છે કે મને મારી તમે ? નીલામ્બરના હોઠ અને મોં કંપવા લાગ્યાં તે બોલ્યો : "ના, નથી મારી પણ દીસતી રહે અહીંથી તારું મોં ફરી દેખાડતી નહિ અભાગણ જા દીસતી રહે."[૨૨] અને વિરાજ ત્યાંથી ચાલી જાય છે. આ સમયે શરદબાબુએ ઈબ્સનના 'ધ ડૉલ્સ હાઉસ'ની પ્રત્યક્ષ પ્રતીતિ અહીંયા કરાવી હોય તેવું લાગ્યા વગર રહેતું નથી. 'ધ ડૉલ્સ હાઉસ'માં 'નોરા' પણ પતિ હેલ્મરના માટે થઈ ઘણીબધી મુશ્કેલીઓનો સામનો કરે છે અને તે એક દિવસ છેવટે નોરાને ઘર છોડી ચાલી જવાનું કહે છે અને નોરા પણ ત્યાંથી ઘર છોડીને ચાલી જાય છે. વિરાજ પણ નીલામ્બરને છોડીને ચાલી નીકળે છે અને નદીકિનારે આવીને ઊભી રહે છે અને ત્યાંથી તે આવેશમાં આવી રાજેન્દ્રની સાથે ચાલી જાય છે પરંતુ તે ભાનમાં આવે છે ત્યારે તેને પોતાની ભૂલ સમજાય છે. પોતાના ચરિત્રની રક્ષા માટે તે નદીમાં કૂદી પડે છે અને વિરાજના સતીત્વના દર્શન થતા જ રાજેન્દ્ર જેવા નીચ અને કપટી માણસમાં પરિવર્તન આવે છે અને પોતે જે કરી રહ્યો છે તેની ભૂલનું તેને ભાન થાય છે.

સમય જતા વિરાજ જેવી રૂપવાન હતી તેવી જ કદરૂપી થઈ ગઈ હતી અને હૉસ્પિટલમાંથી રજા લઈ તે હવે દાસવૃત્તિ કરવા ગઈ પણ તેનું ભાંગેલું શરીર ચાલ્યું નહિ. ગૃહસ્થે એને રજા આપી ત્યારથી ભીખ ઉપર જ તેનો નિર્વાહ હતો. તે વાટે–ઘાટે ભીખ માંગે છે. ઝાડ નીચે રાંધી ખાય છે ને ઝાડ નીચે સૂઈ જાય છે. આ વર્તમાન જીવનમાં તેના ભૂતકાળનું લેશ માત્ર ચિહ્ન હવે રહ્યું નથી. તેનું સો ઠેકાણે ફાટેલું કપડું જરાની પેઠે બાંધેલા લૂખા વાળ અને શરીર પર ભીખ માગી મેળવેલી મેલી નાનકડી કથા– આ એની મિલકત હવે એનો જેવો દેહ છે તેવો જ વાન છે. તેવું જ બધું છે. છતાં તેની ઉંમર તો હજી માત્ર પચ્ચીસ જ વરસની છે. એક વખત એવો હતો જ્યારે આજ શરીરની જોડ સ્વર્ગમાંયે મળતી નહોતી. ભૂતકાળમાંથી વિખૂટી પાડી દઈને ભગવાને જાણે તેને સાવ નવી જ ઘડી દીધી હતી.

વિરાજ જગન્નાથને રસ્તે પાછી આવતી હતી. આજ રસ્તે ચાલીને તે એક વખત અનિશ્ચિત મૃત્યુ શયાની શોધમાં જતી હતી. તેની ખાસી ક્ષયમાં પરિણમી હતી. એને સમજી ગઈ હતી તેથી તે વખતે અધવચ્ચે અટકી પડે એવો તેને સતત ભય રહ્યા જ કરતો હતો. નાનપણથી જ એક વાત પર તેને અટલ વિશ્વાસ હતો કે દેહ નિષ્પાપ ન હોત તો કોઈને પતિના પગમાં મરવાનું મળે નહિ અને છેવટે તે નીલામ્બરના પગ પાસે પોતાનું માથું મૂકતાયે કહે છે : ‘‘મારું બધુ દુઃખ આજે આટલે દિવસે સાર્થક થઈ ગયું હવે કશું નથી ? મારું શરીર શુદ્ધ નિવ્યાપ છે. હવે જાઉં છું જઈને ત્યાં રાહ જોતી રહીશ હાં કે !’’[૨૩] અને છેવટે એક દિવસ તેનો જીવનકાળ ભૂંજાય જાય છે અને તેની છેલ્લી ઈચ્છા તેના પતિના પગ આગળ મરવાની પણ પરિપૂર્ણ થાય છે.

આ નવલકથામાં વિરાજ અને નીલામ્બર સિવાયના બીજા અન્ય પાત્રો પણ પોતાની સારી એવી ભૂમિકા ભજવે છે. હરમિત (કીકી) નીલામ્બરની નાની બહેન, તે નાની હતી ત્યારથી જ વિરાજ અને નીલામ્બરે તેને લાડ–કોડથી મોટી કરી અને સાસરે મોકલી હતી. નીલામ્બરનો નાનો ભાઈ પીતામ્બર પણ છેલ્લે–છેલ્લે પોતાના પાપોનું પ્રાયશ્ચિત કરી જીવન પરિવર્તન કરે છે. તેની પત્ની મોહિની એક ભારતીય નારીને છાજે તેવું પાત્ર બતાવવામાં આવ્યું છે. વિરાજના દુઃખમાં તે સહભાગી થાય છે અને તેના પતિને ખબર ન પડે તે રીતે વિરાજની અવારનવાર મદદ કર્યા કરે છે. વિરાજના ઘરમાં જ વર્ષો થાય કામ કરતી સુંદરી અને દુષ્ટ દુરાચારી રાજેન્દ્રબાબુ પણ છેલ્લે–છેલ્લે વિરાજ જેવી સતીમાં પોતાને સતીત્વના દર્શન થતા જ તે પોતે કયારેય આવું દુરાચારી કામ નહિ કરે. તે માટે પોતાના ઘરમાં જ રહેવાનો પ્રયત્ન કરે છે. આમ, નાના–મોટા તમામ પાત્રો લેખકે નવલકથામાં ખૂબ જ સારી રીતે ઉપસાવ્યાં છે.

‘વિરાજવહુ’ નવલકથાની ભાષાશૈલી સરળ અને સાદી છે. બોલચાલની છટા, લય, લહેકા વગેરે તેમની કૃતિમાં સ્પષ્ટપણે વર્તાયા વગર રહેતા નથી. બંગાળી સમાજની છાપ

તેની ભાષામાં સુપેરે ઊપસી આવી છે. નવલકથાનું વાતાવરણ પણ એક આગવી મુદ્રામાં ઉપસાવ્યું છે. સમયની સાથે–સાથે તેમાં સ્થળ–કાળ વગેરે પરિવર્તનનો આવ્યા કરે છે. બંગાળનાં એક નાનકડા ગામથી વિરાજને જગન્નાથની યાત્રા સુધીની તે સફર કરાવે છે.

'વિરાજ વહુ' શરદબાબુની એક આગવી કૃતિ છે કે તેમાં લેખકે વિરાજમાં ભારતીય નારીના સુપેરે દર્શન કરાવ્યાં છે. શરદબાબુના નારીપાત્રો પોતે એક આગવી ઓળખ પ્રાપ્ત કરે છે અને તે વિરાજના પાત્રની અંદર આબેહૂબ દેખાઈ છે. આમ તેમની આ નવલ ભારતીય સમાજમાં અવિસ્મરણીય કૃતિ તરીકે સ્થાન પામે છે. શરદબાબુ તેમની કૃતિઓમાં નારીઓનું જે રીતે આલેખન કરે છે તે તેમની પ્રતિભાનો સુપેરે પરિચય કરાવ્યા વગર રહેતી નથી. 'વિરાજ'માં ભારતીય નારીના જે દર્શન કરાવ્યાં છે તે શરદબાબુ જેવાં જ લેખકો દ્વારા શક્ય બને. ઘરની પરિસ્થિતિ ગમે તેવી હોય પરંતુ સ્ત્રી તરીકેની ફરજ જે ઘર ચલાવવા માટેની છે તે વિરાજના પાત્રમાં અવારનવાર દેખાયા વગર રહેતી નથી. ગમે તેમ કરીને ઘરનો ખર્ચ પૂરો કરવો અને બે ટાઈમ જમવાનું બનાવવું તે જેવી તેવી વાત નથી. એક સ્ત્રીમાં જ કુદરતે એવી શક્તિ આપી છે કે ગમે–તેમ કરી ઘરના બે છેડા ભેગા કરી આપે છે અને ખાસ આ શક્તિ ભારતીય સમાજમાં અને ભારતીય નારી પાસે ગોડગિફ્ટ સમાન હોય છે અને શરદબાબુએ 'વિરાજ'માં આ વસ્તુને મૂકી આપી છે. ભારતીય સ્ત્રી તરીકે વિરાજ એક સહિષ્ણુતાની મૂર્તિ સમાન આપણી સમક્ષ રજૂ કરી છે અને ભારતીય નારી તરીકેનું આદર્શ પાત્ર તરીકે ઊભરી આવે છે.

# ❖ પાદટીપ ❖

૧. 'નારી', લે. ડૉ. હરીશ પારેખ, આવૃત્તિ–૨૦૧૩, પૃ.૯

૨. 'પ્રથમ પતિ શ્રુતિ', લે.આશાપૂર્ણા દેવી, આવૃત્તિ–૧૯૬૮, અધ્યાય–૪, પૃ.૨૪

૩. એજન, અધ્યાય–૧૫, પૃ.૧૨૨

૪. એજન, અધ્યાય–૨૨, પૃ.૧૯૫

૫. એજન, અધ્યાય–૨૨, પૃ.૧૮૯

૬. **'कामयानी', ले.जयशंकर प्रसाद, संस्करण–२००३, पृ.३४**

૭. 'પ્રથમ પતિ શ્રુતિ', લે.આશાપૂર્ણા દેવી, આવૃત્તિ–૧૯૬૮, અધ્યાય–૪, પૃ.૧૫૮

૮. એજન, અધ્યાય–૪૬, પૃ.૪૩૦

૯. 'ન હન્યતે', લે. મૈત્રેયી દેવી, તૃતીય આવૃત્તિ–૨૦૧૩, પર્વ પહેલું, પૃ.૭

૧૦. એજન, પર્વ પહેલું, પૃ.૭

૧૧. 'નારી એક પ્રેરણામૂર્તિ', લે. પ્રાગજીભાઈ પટેલ, આવૃત્તિ–૧૯૯૯, પૃ.૬૦

૧૨. 'ન હન્યતે', લે. મૈત્રેયી દેવી, તૃતીય આવૃત્તિ–૨૦૧૩, પર્વ પહેલું, પૃ. ૩

૧૩. એજન, પર્વ–બીજુ, પૃ.૨૨

૧૪. 'ન હન્યતે', લે. મૈત્રેયી દેવી, 'ન હન્યતે'ના અપાવરણમાંથી ઉમાશંકર જોષી

૧૫. 'ગ્રન્થ', સપ્ટેમ્બર–૧૯૭૮, પૃ.૧૦

૧૬. 'ભારતીય નારી', લે. સ્વામી વિવેકાનંદ, આવૃત્તિ–૨૦૦૩, પૃ.૧

૧૭. 'વિરાજબહુ', લે.શરદબાબુ, આવૃત્તિ–૧૯, પૃ.૧૯

૧૮. એજન, પૃ.૧૦

૧૯. એજન, પૃ.૧૪

૨૦. 'ભારતીય નારી', લે. સ્વામી વિવેકાનંદ, આવૃત્તિ–૨૦૦૩, પૃ.૧

૨૧. 'વિરાજબહુ', લે.શરદબાબુ, આવૃત્તિ–૧૯, પૃ.૧૯

૨૨. એજન, પૃ.૧૧૨

૨૩. એજન, પૃ.૧૫૮